અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૩, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ વદ એકાદશી | અંક : ૪૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## જી૨૦ના પ્રથમ સત્રની વડાપ્રધાન મોદીના સંબોધન સાથે શરૂઆત

# સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ મંત્ર પથ પ્રદર્શક છે : મોદી





### મોદીએ વન સન, વન વર્લ્ડ, વન ગ્રિડ પર ભાર મૂક્યો, પરસ્પર વિશ્વાસથી કોઈ સંકટ નહીં ટકે અને જે વિશ્વાસનું સંકટ છે તેને મળીને દૂર કરવા આહ્વાન

। નવી દિલ્હી, તા.૯ ।

ભારતમાં જી૨૦ સમિટ (જી૨૦ સમિટ)ની શરૂઆત થઈ ચૂકી છે. આજે અને કાલે એટલે કે બે દિવસ સુધી બેઠકોનો દોર ચાલશે. પ્રથમ સત્રના બેઠકની શરૂઆત પીએમ મોદીના સંબોધન સાથે થઈ હતી. પીએમ મોદીએ વન અર્થ (વનઅર્થ)નામના ઉદઘાટન સત્રમાં ભાગ લીધો હતો. આ દરમિયાન વડાપ્રધાને 'વન સન, વન વર્લ્ડ, વન ગ્રિડ' પર ભાર મૂક્યો હતો. વડાપ્રધાને કહ્યું કે સમગ્ર વિશ્વને નવા સમાધાનની જરૂર છે. પરસ્પર વિશ્વાસથી કોઈ સંકટ નહીં ટકે અને જે વિશ્વાસનું સંકટ છે તેને મળીને દૂર કરીશું. વડાપ્રધાને કહ્યું કે 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ' મંત્ર પ થ પ્રદર્શક છે. વન અર્થનો ઉલ્લેખ કરતાં પ ીએમ મોદીએ માનવ કેન્દ્રીત વિકાસને આગળ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે તેના પર ભારતીય સંસ્કૃતિએ હંમેશા ભાર મૂક્યો છે. આ એક બ્રહ્માંડની ભાવના પર આધારિત છે જે હેઠળ ભારતે લાઈફ મિશન જેવી પહેલ પર કામ કર્યું છે. આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ પર ભાર મૂક્યો છે. ગ્રીન ગ્રિડ પહેલ શરૂ કરી છે. - વન સન, વન વર્લ્ડ, વન ગ્રિડ અને સૌર ઊર્જાનો ઉપયોગ, પ્રાકૃતિક ખેતી અને રાષ્ટ્રીય હરિત હાઈડ્રોજન મિશનને પ્રોત્સાહન કર્યું. વડાપ્રધાને કહ્યું કે ભારત, આસ્થાન, આધ્યાત્મ અને પરંપરાઓની ડાયવર્સિટીની ધરતી છે. દુનિયાના અનેક ધર્મો અહીં ઉદભવ્યાં. મધર ઓફ ડેમોક્રસી તરીકે સંવાદ અને લોકતાંત્રિક વિચારધારા પર અનંતકાળથી અમારો અતૂટ વિશ્વાસ છે. અમારું વૈશ્વિક વર્તન વસુધૈવ કુટુંબકમ એટલે કે વર્લ્ડ ઈઝ વન ફેમિલીના મૂળ ભાવ પર આધારિતછે. વિશ્વને એક પરિવાર માનવાનો આ ભાવ, દરેક ભારતીયને વન અર્થના દાયિત્વ બોધથી જોડે છે. પીએમ મોદીએ કહ્યું કે વન અર્થની ભાવનાથી જ ભારતે પર્યાવરણ મિશન માટે જીવનશૈલીની શરૂઆત કરી છે. ભારતના આગ્રહ પર અને આપ સૌના સહયોગથી સમગ્ર વિશ્વ આ વર્ષને ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સ (ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સ) મનાવી રહ્યું છે. વડાપ્રધાને કહ્યું કે ભારતના કરોડો ખેડૂતો હવે નેચરલ ફાર્મિંગ અપનાવી રહ્યા છે જે માનવ સ્વાસ્થ્યની સાથે સાથે સોઈલ અને અર્થના હેલ્થની સંભાળ લેવાનું મોટું અભિયાન છે. ભારતમાં ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા રાષ્ટ્રીય ગ્રીન હાઈડ્રોજન મિશનની શરૂઆત થઈ ચૂકી છે જે વૈશ્વિક જગત માટે મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. ક્લાઈમેટ ચેન્જ અંગે કહ્યું કે તેના પડકારોને ધ્યાનમાં રાખી એનર્જી ટ્રાન્જિશન ૨૧મી સદીના વિશ્વની ખૂબ જ મોટી જરૂરિયાત છે. ઈક્લૂઝિવ એનર્જી ટ્રાન્જિશન માટે ટ્રિલિયન્સ ઓફ ડોલર્સની જરૂર છે. પીએમ મોદીએ અમુક સૂચન આપતાં કહ્યું કે સમયની માગ છે કે બધા દેશ ફ્યુઅલ બ્લેન્ડિંગના ક્ષેત્રમાં સાથે મળીને કામ કરે. અમારો પ્રસ્તાવ છે કે પેટ્રોલમાં ઈથેનોલ બ્લેન્ડિંગને ગ્લોબલ સ્તરે ૨૦ ટકા સુધી લઈ જવા માટે ઈનિશિએટિવ લેવામાં આવે કે પછી ગ્લોબલ ગૂડ માટે આપણે કોઈ અન્ય બ્લેન્ડિંગ મિક્સ શોધવા પર કામ કરવું જોઈએ જેનાથી એનર્જી સપ્લાય જળવાઈ રહે અને ક્લાઈમેટ પર સુરક્ષિત રહે. આ સંદર્ભમાં આજે ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સ લોન્ચ કરવામાં આવી રહ્યું છે. ભારત તેમાં જોડાવા સૌને આમંત્રિત કરે છે. વડાપ્રધાને કહ્યું કે પર્યાવરણને ધ્યાનમાં રાખી દાયકાથી કાર્બન ક્રેડિટની ચર્ચા ચાલી રહી છે. કાર્બન ક્રેડિટની એ ભાવના પર ભાર મૂકે છે કે શું ન કરવું જોઈએ. આ એક નકારાત્મક દષ્ટિકોણ છે. તેમણે કહ્યું કે મારો એક પ્રસ્તાવ છે કે જી૨૦ના દેશ એક ગ્રીન ક્રેડિટ ઈનિશિએટિવ પર કામ કરવાની શરૂઆત કરે.

## ન્યૂઝ બ્રિફ

### ઓસ્ટ્રેલિયાની સ્ટુડન્ટ વિઝા પ્રોસેસ ઝડપી થઈ




। નવી દિલ્હી, તા.૯ ।


અમેરિકા અને UKની વિઝા પ્રોસેસ સામે સ્ટુડન્ટ્સમાં ઘણી ફરિયાદો છે, ત્યારે ઓસ્ટ્રેલિયાએ સ્ટુડન્ટ વિઝાની પ્રક્રિયાને ઘણી ઝડપી બનાવી છે. લેટેસ્ટ અહેવાલ પ્રમાણે ઓસ્ટ્રેલિયાની એવરેજ વિઝા પ્રોસેસ હવે માત્ર ૧૬ દિવસમાં પૂરી થઈ શકે છે. કોવિડ વખતે દુનિયાભરમાં વિઝા પ્રક્રિયાને અસર થઈ હતી. કોવિડ પછી પણ ઘણા દેશોમાં કામગીરી હજુ ધીમી ચાલે છે ત્યારે ઓસ્ટ્રેલિયાએ તેમાં સુધારો કર્યો છે. ઓસ્ટ્રેલિયન સરકારે તેના નિવેદનમાં જણાવ્યું છે કે તેમણે લીધેલા પગલાંના કારણે એવરેજ વિઝા પ્રોસેસિંગ ટાઈમમાં મોટો ઘટાડો થયો છે. હવે લગભગ ૧૬ દિવસની અંદર વિઝા અરજીઓ પ્રોસેસ થઈ જાય છે. આ માટે ઓસ્ટ્રેલિયાએ ખાસ બજેટ પણ ફાળવ્યું છે જેનું રિઝલ્ટ હવે જોવા મળે છે. સરકારે જણાવ્યું કે ૧૨ મહિનાના ગાળા માટે ૪૮.૧ મિલિયન ડોલરનું ફંડ ફાળવવામાં આવ્યું છે જેનાથી પ્રોસેસમાં વેગ આવ્યો છે. ૧ જુલાઈ ૨૦૨૨થી ૩૦ જૂન ૨૦૨૩ સુધીમાં વિઝા પ્રોસેસ ઝડપી કરવા માટે ૬૦૦ લોકોનો નવો સ્ટાફ રાખવામાં આવ્યો છે.

# મોરક્કોમાં ભયંકર ભૂકંપના ઝટકાથી ૨૯૬ લોકોના મોતનું તાંડવ

### સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલા વીડિયોમાં ધ્વસ્ત થયેલી ઈમારતો, સાંકળી ગલીઓમાં પડેલો કાટમાળ, ચારે તરફ તબાહીના દ્રશ્યો જોવા મળ્યા છે

। રબાત, તા.૯ ।

મોરક્કોમાં શુક્રવાર રાતે આવેલા ૬.૮ ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપ બાદ કમ સે કમ ૨૯૬ લોકોના મોત થઈ ગયા છે. ન્યૂઝ એજન્સી એએફપીએ સ્થાનિક અધિકારીઓના હવાલેથી જણાવ્યું છે કે, ભૂકંપ રાતના ૧૧.૧૧ કલાકે આવ્યો હતો. તેનું કેન્દ્રબિન્દુ મરાકેશથી ૭૧ કિમી દક્ષિણ પશ્ચિમમાં જમીનની નીચે ૧૮.૫ આવ્યો હતો. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલા વીડિયોમાં ધ્વસ્ત થયેલી ઈમારતો, સાંકળી ગલીઓમાં પડેલો કાટમાળ, ચારે તરફ તબાહીના દ્રશ્યો જોવા મળ્યા છે. મારાકેશથી ૨૦૦ કિમી પ શ્ચિમમાં એસ્સૌઈરાના એક નિવાસી ટેલીફોન પર એએફપીને જણાવ્યું કે, અમે ભૂકંપના સમયે ચિસો સાંભલી છે. યૂએસજીએસની પેજર સિસ્ટમ, જે ભૂકંપના પ્રભાવ પર પ્રારંભિક આકલન આપે છે. તે આર્થિક નુકસાન માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જેમાં અનુમાન લગાવ્યું છે કે મહત્વપૂર્ણ ક્ષતિ થઈ હોવાની સંભાવના છે અને ભૂકંપ ઝટકોથી સંબંધિત મોત માટે યેલો એલર્ટ જાહેર કર્યું છે. જે દર્શાવે છે કે, મોટા પાયા પર લોકોના મોત થયા હોવાની સંભાવના છે. આફ્રિકી અને યૂરેશિયાઈ પ્લેટોની વચ્ચે આવેલા હોવાના કારણે મોરક્કોના ઉત્તરી ક્ષેત્રમાં મોટા ભાગે ભૂકંપ આવે છે. વર્ષ ૨૦૦૪માં અલ હોસેઈમામાં આવેલા ભૂકંપમાં કમસેકમ ૬૨૮ લોકો માર્યા ગયા હતા અને ૯૨૬ લોકો ઘાયલ થયા છે. સીએનએને યૂએસજીએસનો હવાલો આપતા કહ્યું કે, મહત્વપૂર્ણ ક્ષતિની સંભાવના છે અને આપ દા સંભવિત રીતે વ્યાપક છે. તેમાં કહેવાયું છે કે, ક્ષેત્રમાં કેટલાય લોકો એવી સંરચનાઓમાં રહે છે, જે ભૂકંપના ઝટકા પ્રત્યે વધારે સંવેદનશીલ છે. મારાકેશના એક નિવાસીએ રોયટર્સને જણાવ્યું કે, તેણે જુના શહેરમાં એમ્બ્યુલન્સને નીકળતા જોઈ અને કેટલીય ઈમારતો ધ્વસ્ત થતાં જોઈ. લોકો ડરેલા છે. ફરી વાર ભૂકંપ આવશે તેવા ડરના કારણે ઘરની બહાર રહે છે. સીએનએને યૂએસજીએસનો હવાલો આપતા કહ્યું કે, મહત્વપૂર્ણ ક્ષતિની સંભાવના છે અને આપદા સંભવિત રીતે વ્યાપક છે. તેમાં કહેવાયું છે કે, ક્ષેત્રમાં કેટલાય લોકો એવી સંરચનાઓમાં રહે છે, જે ભૂકંપ ના ઝટકા પ્રત્યે વધારે સંવેદનશીલ છે. સીએનએને યૂએસજીએસનો હવાલો આપતા કહ્યું કે, મહત્વપૂર્ણ ક્ષતિની સંભાવના છે અને આપદા સંભવિત રીતે વ્યાપક છે. તેમાં કહેવાયું છે કે, ક્ષેત્રમાં કેટલાય લોકો એવી સંરચનાઓમાં રહે છે, જે ભૂકંપના ઝટકા પ્રત્યે વધારે સંવેદનશીલ છે. મારાકેશના એક નિવાસીએ રોયટર્સને જણાવ્યું કે, તેણે જુના શહેરમાં એમ્બ્યુલન્સને નીકળતા જોઈ અને કેટલીય ઈમારતો ધ્વસ્ત થતાં જોઈ. લોકો ડરેલા છે. ફરી વાર ભૂકંપ આવશે તેવા ડરના કારણે ઘરની બહાર રહે છે. સીએનએને યૂએસજીએસનો હવાલો આપતા કહ્યું કે, મહત્વપૂર્ણ ક્ષતિની સંભાવના છે અને આપદા સંભવિત રીતે વ્યાપક છે. તેમાં કહેવાયું છે કે, ક્ષેત્રમાં કેટલાય લોકો એવી સંરચનાઓમાં રહે છે, જે ભૂકંપના ઝટકા પ્રત્યે વધારે સંવેદનશીલ છે.















ઈ ચલણ ભરવા પોલીસના નામે ફોન કરતી એક ગેંગ

# ઈ ચલણ બાકી હોવાના નામે વાહન ચાલકો સાથે ફ્રોડ

## સમગ્ર મામલો ટ્રાફિક વિભાગને ધ્યાને આવતા સાઇબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ



| અમદાવાદ, તા.૦૯ |

જો તમને કોઈ અજાણ્યા નંબર ઉપરથી ફોન આવે અને તેમાં ગુજરાત પોલીસનો લોગો લગાવ્યો હોય તેમજ અમદાવાદ પોલીસ ટ્રાફિક ડિપાર્ટમેન્ટ માંથી બોલું છું, તમારો ઈ મેમો ભરવાનો બાકી છે. ઈ મેમો નહિ ભરો તો તમારી અટકાયત કરવા માટે પોલીસ ઘરે આવશે અને કોર્ટમાં પેનલ્ટી સાથે દંડ ભરવો પડશે. જો ફોનમાં કોઈ આવી વાત કરે તો હવે ચેતી જજો. કેમ કે લોકોને ઈ ચલણ ભરવા પોલીસના નામે ફોન કરતી એક ગેંગ સક્રિય થઈ હતી. આ ગેંગ દ્વારા પહેલા લોકોને ફોન કરવામાં આવતા હતા. આ ગેંગ દ્વારા ઈ મેમો ભરવા માટેની જે ઓરિજનલ વેબસાઈડ છે તેવી જ ખોટી વેબસાઈડ પણ બનાવી હતી અને લોકોને તે ખોટી વેબસાઈડ ઈ મેમોની રકમ ભરાવતા હતાં. આ ગેંગ દ્વારા અમદાવાદના અનેક લોકો સાથે છેતરપિંડી કરવામાં આવી છે. જોકે સમગ્ર મામલો ટ્રાફિક વિભાગને ધ્યાને આવતા સાઈબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ હતી જેના આધારે ક્રાઈમ બ્રાન્ચે ઝારખંડનાં રાંચી થી સુધાંશુ ઉર્ફે ચીકુ મિશ્રાની ધરપકડ કરી છે.

આરોપી સૌ પહેલા ગૂગલમાં અમદાવાદ ટ્રાફિક ફાઈન સર્ચ કરતા હતા. ત્યારબાદ અમદાવાદ સીટી પોલીસનું પેજ ખોલી તેમાં ઈ Challan ની સિસ્ટમનું પોર્ટલ ઓપન કરવામાં આવતું હતું, તેમાં અમદાવાદ પાર્સિંગનાં વાહનના કોઈ પણ નંબર રેન્ડમલી નાખવામાં આવતા હતા. જે વાહનના ઈ Challan બાકી હોય તે નંબર નોટ કરી લેવામાં આવતો હતો. બાદમાં આ વાહનનો નંબર રોયલ સુંદરમ રિન્યુઅલ નામની વેબ સાઈડ પર ઈન્સ્યોરન્સ પેજમાં આ વાહનના નંબર નાખી તેના ચેસીસ નંબર મેળવતા હતા.

આરોપીઓ પાસે વાહન નંબર તેના ચેસીસ નંબર આવી ગયા બાદ ૨ પરિવહન એપ્લિકેશનમાં વાહન અને ચેસીસ નંબર નાખતા વાહન ચાલકની તમામ ડીટેલ અને મોબાઈલ નંબર પણ મળી જતો હતો. જે બાદ અમદાવાદ ટ્રાફિક પોલીસના ચલણ પેમેન્ટ સિસ્ટમના વેબ પેજ પર વાહનના ઈ મેમોની વિગતો મેળવતા હતા અને બાદમાં જે તે વાહન ચાલકના મોબાઈલ નંબર ઉપર કોલ કરતા હતા.

# અમદાવાદીઓ માટે વધુ એક મલ્ટી લેવલ પાર્કિંગ ખુલ્લું મુકાયું

## મેયર કિરીટ પરમાર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશ બારોટ તેમજ ભાસ્કર ભટ્ટની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરાયું



| અમદાવાદ, તા.૯ |

મ્યુનિસિપલ કોર્પોરેશનના શાસકો દ્વારા સામાન્ય પ્રજાલક્ષી કામોને તો રાબેતા મુજબ પ્રાધાન્ય અપાઈ રહ્યું છે. આની સાથે વિકાસની દિશામાં સતત હરણફાળ ભરી રહેલા આપણા અમદાવાદના લોકો માટે એક-એકથી ચઢિયાતા એવા ભવ્ય પ્રોજેક્ટોની સોગાદ પણ અપાઈ રહી છે. હવે સાબરમતી રિવરફ્રન્ટની વાત કરીએ તો સમગ્ર દેશમાં નામના મેળવનાર સાબરમતી રિવરફ્રન્ટની શોભામાં વૃદ્ધિ કરવા માટે મ્યુનિસિપલ સત્તાવાળાઓએ ગત શનિવાર તા. ૨ સપ્ટેમ્બરે રૂ. ૨૪ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા આંતરરાષ્ટ્રીય કક્ષાના રિવરફ્રન્ટના બંને કાંઠા પરના ૠ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું લોકાર્પણ કર્યું હતું અને હવે આજથી રિવરફ્રન્ટ પર વાહનના પાર્કિંગની સમસ્યાનો પણ અંત આવી જવાનો છે. કેમ કે રિવરફ્રન્ટના પશ્ચિમકાંઠે અટલબ્રિજની સામેના મલ્ટિલેવલ પાર્કિંગમાં શહેરીજનો ૭૦૦ કાર સહિત કુલ ૧૭૦૦ વાહનનું પાર્કિંગ કરી શકશે. સાબરમતી રિવરફ્રન્ટ તેનાં અવનવાં આકર્ષણોથી સતત લોકોથી ઊભરાતો રહ્યો છે. રિવરફ્રન્ટ પર લોકોના ભારે ધસારા વચ્ચે વાહનનું પાર્કિંગ ક્યાં કરવું તેની મોટી સમસ્યા રહેતી હતી. આ સમસ્યાના નિરાકરણ માટે મ્યુનિ. સત્તાવાળાઓએ રિવરફ્રન્ટ પરના આઈકોનિક અટલબ્રિજની સામે રૂ. ૬૦ કરોડના ખર્ચે સાત માળ ઊંચા મલ્ટિલેવલ પાર્કિંગનું નિર્માણ હાથ ધર્યું હતું. આ મલ્ટિલેવલ પાર્કિંગ તૈયાર થઈ જતાં તેનું ગઈ કાલે મેયર કિરીટ પરમાર, ડેપ્યુટી મેયર ગીતા પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશ બારોટ તેમજ ભાસ્કર ભટ્ટ, અરુણસિંહ રાજપૂત વગેરેની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરાયું હતું. જોકે તેને આજથી વિધિવત્ લોકો માટે ખુલ્લું મુકાયું છે. અટલબ્રિજની સામે અને એસવીપી હોસ્પિટલની બાજુમાં આવેલા રિવરફ્રન્ટ રોડ પરના આશરે ૮૭૧૦ ચોરસ મીટરના પ્લોટમાં આ મલ્ટિલેવલ પાર્કિંગ આકાર પામ્યું છે. જેનો બિલ્ટઅપ એરિયા ૩૮,૭૨૫ ચોરસ મીટર અને કોમર્શિયલ એરિયા ૧૮૦૦ ચોરસ મીટરનો છે. આ પાર્કિંગમાં તંત્ર દ્વારા ૧૮ દુકાન પણ બનાવાઈ છે. બેઝમેન્ટમાં ૧૭૦ કારનું પાર્કિંગ થઈ શકે તેવી વ્યવસ્થા હાલમાં ઊભી કરાઈ છે.

દહીહાંડીમાં સ્ટંટબાજ સાથે મોટી દુર્ઘટના બની

# સુરતના મટકી ફોડ કાર્યક્રમમાં સ્ટંટ કરવા ગયેલા બે યુવકો દાઝ્યા

## મોઢામાં પેટ્રોલ ભરી આગ સાથેનાં કરતબ કરનારનું મોઢું સળગી ઊઠ્યું હતુ

| સુરત,તા.૦૯ |

જન્માષ્ટમીનો પર્વ હોય એક તરફ ગુજરાતના કૃષ્ણ મંદિરોમાં ભક્તિભાવનો માહોલ છે, તો બીજી તરફ ગલીઓમાં મટકીફોડનો શોર છે. મટકીફોડના કાર્યક્રમો અનેકવાર જોખમી બની જતા હોય છે. ઊંચી મટકી ફોડવામાં અનેક ગોવિંદાઓ માહેર હોય છે, પરંતુ ક્યારેક અકસ્માત સર્જાઈ જાય છે. ગઈકાલે એક કોલેજની દહીહાંડી કાર્યક્રમમાં સ્ટંટ કરવા ગયેલો એક યુવક દાઝ્યો હતો. ત્યારે બીજી એક ઘટના પણ આવી જ બની હતી. દહીંહાંડીમાં સ્ટંટબાજ દાઝ્યાનો બીજો બનાવનો વીડિયો સામે આવ્યો છે. ગઈકાલેમાં હાલ કૃષ્ણ જન્મોત્સવ હોઈ વિવિધ સ્થળોએ દહીહાંડીના વિવિધ કાર્યક્રમો આયોજિત કરાયા હતા. જેમાં દહીંહાંડીમાં સ્ટંટબાજ દાઝ્યાનો બીજો બનાવનો વીડિયો સામે આવ્યો છે. મોઢામાં પેટ્રોલ ભરી આગ સાથેનાં કરતબ કરનારનું મોઢું સળગી ઊઠ્યું હતું. આમ, આ યુવકને લોકોનું મનોરંજન કરવું મોંઘું પડ્યું હતું. સુરતના ઉધના વિસ્તારમાં શ્રી છત્રપતિ શિવાજી મહારાજ મંડળ દ્વારા મટકી ફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન જાહેરમાં આગનો ખેલ બતાવનાર યુવકની બેદરકારી જોવા મળી હતી. યુવક આગની જ્વાળાઓ હવામાં જ્વલનશીલ પ્રવાહીની મદદથી સળગાવતો હતો, પરંતુ તેનો આ ખેલ ઉંધો પડ્યો હતો.

## જામુઆ વિસ્તારમાં રોડ કરતાં ૩ ફૂટ ઉંચું ગટરનું ઢાંકણું બનાવ્યું

| વડોદરા,તા.૦૯ |

આપણે અવાર નવાર કોર્પોરેશનના વિકાસના નમૂના જોતા હોઈએ છીએ. જેમાં ક્યાંક ભ્રષ્ટ્રાચારના બોલતા પુરવા જોવા મળે છે તો ક્યાંક અધિકારીઓમાં ઉભરી આવેલી બુદ્ધિનો પ્રદર્શન જોવા મળતું હોય છે. ત્યારે ફરીવાર એક એવો જ નમૂનો સામે આવ્યો છે. વડોદરા મહાપાલિકાએ રસ્તાની વચો વચ પોતાની બુદ્ધિનો પ્રદર્શન કર્યું છે. જેમાં રોડની વચ્ચે રોડ કરતા ૩ ફૂટ ઉંચું ઢાંકણું લગાવ્યું છે. વડોદરા મહાપાલિકાના રસ્તા વચ્ચે જોખમી વિકાસનો નમૂનો સામે આવ્યું છે. રોડ કરતાં ૩ ફૂટ ઉંચું ગટરનું ઢાંકણું લગાવ્યું છે. વડોદરાના જામુઆ વિસ્તારની આ સમગ્ર બનાવ છે. અત્રે જણાવીએ કે, રોડ વચ્ચે ૩ ફુટ ઉંચો ગટરનો ઢાંકણો લગાવવાથી વાહન ચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે.



ભારતીય કિસાન યુનિયન (બાકુ) ના પ્રવક્તા રાકેશ ટિકૈત અન્ય ખેડૂતો સાથે બેંગલુરુમાં એક પત્રકાર પરિષદને સંબોધવા પહોંચ્યા...

## વિશેષ લેખ

ચંદ્ર દર વર્ષે પૃથ્વીથી લગભગ ૩.૮ સેમી જેટલો દૂર જઈ રહ્યો છે!

# આગામી વર્ષોમાં પૃથ્વી પર એક દિવસ ૬૦ કલાકનો થઈ શકે છે

## ૨૪૫ કરોડ વર્ષમાં પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનું અંતર ૬૨ હજાર ૫૩૧ કિમી વધી ગયું છે.



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ

એક તરફ માણસ સતત ચંદ્રની નજીક જવાની કોશિશ કરી રહ્યો છે. તો બીજી તરફ ચંદ્ર દર વર્ષે આપણાથી એટલે કે પૃથ્વીથી ધીમે ધીમે દૂર જઈ રહ્યો છે.હા,ચંદ્ર દર વર્ષે પૃથ્વીથી લગભગ ૩.૮ સેમી જેટલો દૂર જઈ રહ્યો છે!ચંદ્ર થોડો થોડો ખસી રહ્યો છે અર્થાત પૃથ્વીથી દૂર જઈ રહ્યો છે. એનો મતલબ એ થયો કે ચન્દ્ર અને પૃથ્વી વચ્ચેનું અંતર વધતું જાય છે. એ અંતર ખૂબ નાનું એટલે કે ખ્યાલ પણ ન આવે એટલું નાનું અંતર છે. પણ ગોકળ ગાયજેમ ધીમે ધીમે વર્ષો બાદ અનેક ગણું અંતર કાપી નાંખે તેમ ચંદ્ર પૃથ્વીથી ધીમે ધીમે થોડો થોડો દૂર જશે ત્યારે અમુક વર્ષ પછી એ અંતર ઘણું મોટુ થઈ ગયું હશે.

જોકે ચન્દ્રની ઉત્પત્તીને તો લાખો વર્ષો થયાં. ચંદ્ર પૃથ્વીથી દૂર જવાની પ્રક્રિયા લાખો વર્ષોથી ચાલી રહી છે. પણ આપણા ખગોળશાસ્ત્રીઓને ૬૦ વર્ષ પહેલા ખ્યાલ આવ્યો કે ચન્દ્ર દર વર્ષે પૃથ્વીથી લગભગ ૩.૮ સેમી જેટલો દૂર જઈ રહ્યો છે.હવે વિજ્ઞાનિકોને ખ્યાલ આવી ગયો છે કે ચન્દ્ર દર વર્ષે પૃથ્વીથી દૂર જઈ રહ્યો છે.જોકે ચંદ્રની ધરતીથી દુર જવાની પ્રક્રિયા કરોડો વર્ષથી ચાલી આવી રહી છે.

આપણે સૌ જાણીએ છીએ કે ચંદ્ર આપણા ગ્રહ પૃથ્વીથી લગભગ ૩ લાખ ૮૪ હજાર ૪૦૦ કિમી દૂર છે. વૈજ્ઞાનિકોના મતે લગભગ ૨૪૫ કરોડ વર્ષ પહેલા ચંદ્ર પૃથ્વીથી લગભગ ૩ લાખ ૨૧ હજાર ૮૬૯ કિલોમીટરના અંતરે હતો. બીજા શબ્દોમાં કહીએ તો આ સમયગાળા દરમિયાન પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનું અંતર ૬૨ હજાર ૫૩૧ કિમી વધી ગયું છે.(૩,૮૪,૪૦૦-૩,૨૧,૮૬૯= (૬૨,૫૩૧). ભવિષ્યમાં આ અંતર ક્રમશઃવધતું જશે.

ખગોળશાસ્ત્રીઓનું અનુમાન છે કે, ૨૪૫ મિલિયન વર્ષો પહેલા, જ્યારે ચંદ્ર પૃથ્વીની હવેની તુલનામાં વધુ નજીક હતો, ત્યારે એક દિવસ માત્ર ૧૬.૯ કલાકનો હતો.સમયની સાથે ચંદ્રનું અંતર વધવાની સાથે આજે દિવસ ૨૪ કલાકનો થઈ ગયો છે. આગળ જતાં દિવસ લાંબો અર્થાત મોટો થતો જશે એ પણ નક્કી છે.આની અસર પૃથ્વી વાસીઓ પર પણ થઈ શકે છે.


પણ આ ઘટનાને પૃથ્વી પરના જીવંત પ્રાણીઓ, મનુષ્યો, વનસ્પતિ અને અન્ય તમામ વસ્તુઓના જીવનમાં કોઈ ફરક પડવા માટે લાખો વર્ષ લાગશે.

જ્યારે ચંદ્ર બન્યો હતો ત્યારે પૃથ્વી પર દિવસ ૧૦ કલાકનો હતો પરંતુ ચંદ્ર દૂર જતો રહ્યો અને હવે આ ૨૪ કલાક પર રોકાઈ ગયો છે.અત્યારે પૃથ્વી પર ૨૪ કલાકનો એક દિવસ હોય છે.પરંતુ અનુમાન છે કે આગામી વર્ષોમાં એક દિવસ ૬૦ કલાકનો થઈ શકે છે.

**આમ તો હજુ પણ ચંદ્ર દર ૧૦૦ વર્ષે લગભગ ૧.૭ મિલી સેકન્ડના હિસાબે દિવસનો વિસ્તાર ચાલુ છે.**

નાસાના ખગોળશાસ્ત્રીઓએ ૧૯૬૯માં એપોલો મિશન દરમિયાન ચંદ્રની સપાટી પર પ્રતિબિંબીત પેનલો મુકી હતી. આ પછી તેને ચંદ્ર વિશે કંઈક લાગ્યું હતું . પરંતુ વૈજ્ઞાનિકોને હવે સમજાયું છે કે, ચંદ્ર દર વર્ષે એક નિશ્ચિત ગતિ સાથે આપણાથી દૂર જઈ રહ્યો છે.

આવું કેમ થાય છે એ પણ જાણવા જેવું છે.વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, જ્યારે પણ આપણા ગ્રહની ભ્રમણકક્ષામાં ફેરફાર થાય છે ત્યારે પૃથ્વી સુધી પહોંચતા સૂર્યપ્રકાશને પણ અસર થાય છે. જ્યારે વૈજ્ઞાનિકોને પૃથ્વીની ભ્રમણકક્ષામાં, સૂર્ય અને ચંદ્રના અંતરમાં તફાવતની જાણ થઈ,



ત્યારે તેમને ખબર પડી કે ચંદ્ર ધીમે ધીમે આપણાથી દૂર જઈ રહ્યો છે. ઑસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા એક અભ્યાસે પણ ચંદ્ર અને પૃથ્વી વચ્ચે વધતા અંતર વિશે વૈજ્ઞાનિકોના નિષ્કર્ષે ઘણી મદદ કરી. વાસ્તવમાં વૈજ્ઞાનિકોએ ઓસ્ટ્રેલિયાની એક ખીણના પ્રાચીન ઈતિહાસ પર પણ સંશોધન કર્યું છે. તેમણે ઓસ્ટ્રેલિયાના પશ્ચિમ ભાગમાં આવેલા કેરિજિની નેશનલ પાર્કની પ્રાચીન ખડકોની સપાટીની તપાસ કરી છે. પ્રોફેસર જોશુઆ ડેવિસ અને સંશોધક માર્ગારેટ લેન્ટિંકે 'ધ કન્ઝર્વેશન'માં સંશોધન વિશે લખ્યું છે કે, 'એ તદ્દન આશ્ચર્યજનક છે કે, સૂર્યમંડળની ભૂતકાળની ગતિવિધિઓ પ્રાચીન ખડકોના કાંપમાં નાના ફેરફારો દ્વારા નક્કી કરી શકાય છે.' નાસાના ખગોળશાસ્ત્રીઓએ ૧૯૬૯માં એપોલો મિશન દરમિયાન ચંદ્રની સપાટી પર પ્રતિબિંબીત પેનલો મુકી હતી. આ પછી તેને ચંદ્ર વિશે કંઈક લાગ્યું હતું . પરંતુ વૈજ્ઞાનિકોને હવે સમજાયું છે કે, ચંદ્ર દર વર્ષે એક નિશ્ચિત ગતિ સાથે આપણાથી દૂર જઈ રહ્યો છે.

આવું કેમ થાય છે એ પણ જાણવા જેવું છે.વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, જ્યારે પણ આપણા ગ્રહની ભ્રમણકક્ષામાં ફેરફાર થાય છે ત્યારે પૃથ્વી સુધી પહોંચતા સૂર્યપ્રકાશને પણ અસર થાય છે. જ્યારે વૈજ્ઞાનિકોને પૃથ્વીની ભ્રમણકક્ષામાં, સૂર્ય અને ચંદ્રના અંતરમાં તફાવતની જાણ થઈ, ત્યારે તેમને ખબર પડી કે ચંદ્ર ધીમે ધીમે આપણાથી દૂર જઈ રહ્યો છે. ઑસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા એક અભ્યાસે પણ ચંદ્ર અને પૃથ્વી વચ્ચે વધતા અંતર વિશે વૈજ્ઞાનિકોના નિષ્કર્ષે ઘણી મદદ કરી. વાસ્તવમાં વૈજ્ઞાનિકોએ ઓસ્ટ્રેલિયાની એક ખીણના પ્રાચીન ઈતિહાસ પર પણ સંશોધન કર્યું છે. તેમણે ઓસ્ટ્રેલિયાના પશ્ચિમ ભાગમાં આવેલા કેરિજિની નેશનલ પાર્કની પ્રાચીન ખડકોની સપાટીની તપાસ કરી છે. પ્રોફેસર જોશુઆ ડેવિસ અને સંશોધક માર્ગારેટ લેન્ટિંકે 'ધ કન્ઝર્વેશન'માં સંશોધન વિશે લખ્યું છે કે, 'એ તદ્દન આશ્ચર્યજનક છે કે, સૂર્યમંડળની ભૂતકાળની ગતિવિધિઓ પ્રાચીન ખડકોના કાંપમાં નાના ફેરફારો દ્વારા નક્કી કરી શકાય છે.'

વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, તેનું કારણ અંતરિક્ષમાં ભારે ગ્રહો છે. ખગોળશાસ્ત્રીઓ કહે છે કે ગેલેક્સીમાં ગ્રહો છે. દરેક ગ્રહને પોતાનું સંતુલન હોય છે. બધા ગ્રહો એકબીજાને આકર્ષે છે. જેના કારણે આ ખેંચતાણ પ્રક્રિયામાં ચંદ્ર પૃથ્વીથી દૂર જઈ રહ્યો છે.

**જો ચંદ્ર સતત પૃથ્વીથી ક્રમશઃદૂર જતો રહેશે અને પૃથ્વીની ભ્રમણકક્ષા છોડી દે તો શું થશે?આવું થાય તો**

ચંદ્રના અદ્રશ્ય થવાથી પૃથ્વી પરના જીવનને પણ અસર થશે. સૌથી તાત્કાલિક અસર ચંદ્ર દ્વારા પ્રતિબિંબિત થતા સૂર્યપ્રકાશની અદ્રશ્યતા હશે, જે ચંદ્ર પ્રકાશની ચક્રીય હાજરી હેઠળ અનુકૂલિત અને વિકસિત થયેલા ઘણા પ્રાણીઓ અને છોડની પ્રજાતિઓની જૈવિક લયમાં ફેરફાર કરશે.

તમને જાણીને નવાઈ લાગશે કે અત્યારે ધીરે ધીરે ઘટતો અને વધતો રહેતો ચંદ્ર એક દિવસ ગાયબ થઈ શકે છે. એક દિવસ એવો આવશે જ્યારે ચંદ્ર આપણી નજરથી હંમેશ માટે અદશ્ય થઈ જશે. વૈજ્ઞાનિકો માને છે કે વર્ષો બાદ ચંદ્ર આંખોથી ઓઝલ થઈ શકે છે.

હાલમાં ચંદ્રનો પ્રકાશ માત્ર અમાવાસ્યાના દિવસે જ દેખાતો નથી, પરંતુ એક દિવસ એવો આવશે જ્યારે ચંદ્ર સંપૂર્ણપણે છુપાઈ જશે. તેનું કારણ એ છે કે ચંદ્ર દર વર્ષે પૃથ્વીથી ૩.૭૮ સેમી દૂર જઈ રહ્યો છે. આવી સ્થિતિમાં, જ્યારે ચોક્કસ અંતર હશે, ત્યારે ચંદ્રને પૃથ્વીની આસપાસ ફરતા ૨૮ દિવસને બદલે ૪૭ દિવસ લાગશે. એવી પણ આશંકા છે કે, જો ચંદ્ર આ રીતે પૃથ્વીથી દૂર જતો રહેશે તો તે પૃથ્વીની ગુરુત્વાકર્ષણ શક્તિ અને ભ્રમણકક્ષાથી દૂર અવકાશમાં ક્યાંક ખોવાઈ જશે. જો આમ થશે તો પૃથ્વી પરનો દિવસ માત્ર ૬ કલાકનો રહેશે અને મોટાભાગનો સમય અંધારું જ રહેશે.!

## દીપક ગુપ્તા બે માસ માટે કોટક મહિન્દ્રા બેન્કના એમડી સીઈઓ



। નવી દિલ્હી, તા.૯ ।

દેશની પ્રાઈવેટ ક્ષેત્રની ચોથી સૌથી મોટી બેંક કોટક મહિન્દ્રાને નવા એમડીમળી ગયા છે. આરબીઆઈએ દીપક ગુપ્તાને બેંકના નવા એમડીઅને સીઈઓબનાવ્યા છે. જો કે આ નિમણૂક વચગાળાની છે અને ફક્ત બે મહીના માટે જ દીપક ગુપ્તાને કાર્યભાર આપ્યો છે. આ અગાઉ મહિનાની શરુઆતમાં ઉદય કોટકે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. કોટક મહિન્દ્રા બેંક દ્વારા તેમની રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું હતું કે આરબીઆઈએ બે મહિના માટે દીપક ગુપ્તાની નિમણૂક કરી છે જે ૨ સપ્ટેમ્બરથી લાગુ થઈ ગઈ છે. આ પહેલા પહેલી સપ્ટેમ્બરના રોજ ઉદય કોટકે તેમનો કાર્યકાળ પુરો થવાના ચાર મહિના પહેલા જ એમડીઅને સીઈઓપદ પરથી રાજીનામું આપી દીધુ હતું. તેમનો કાર્યકાળ ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ પુરો થવાનો હતો. દીપક ગુપ્તાને બેંકિંગ સેક્ટરમાં ખુબ જ બહોળો અનુભવ છે અને તે કોટક બેંકની સાથે એસોસિએટ તરીકે ૧૯૯૯થી જોડાયેલા છે. ત્યારે તેમણે કોટક મહિન્દ્રા ફાઈનાન્સ લિમિટેડમાં એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર તરીકે જોઈન કર્યું હતું.

## યુએસમાં ભારતીય જ્વેલરી શોપને ટાર્ગેટ કરતી ગેંગ જબ્બે

। વોશિંગ્ટન, તા.૯ ।

અમેરિકામાં ભારતીય જ્વેલરી સ્ટોરને ટાર્ગેટ કરતી એક ગેંગને એફબીઆઈએ ઝડપી લીધી છે.હથિયારો બતાવીને આખો સ્ટોર લૂંટી જનારી ગેંગના એક ડઝન કરતા વધારે સભ્યોની ધરપકડ કરવામાં આવી છે.અમેરિકાના સંખ્યાબંધ રાજ્યોમાં આ ગેંગ એક્ટિવ હતી. જાન્યુઆરી ૨૦૨૨થી જાન્યુઆરી ૨૦૨૩ની વચ્ચે આ ગેંગે ઘણા ભારતીય સ્ટોરને ટાર્ગેટ કર્યા હતા. ગેંગ વોશિંગ્ટનથી ઓપરેટ થઈ રહી હતી અને તેણે ન્યૂયોર્ક, ન્યૂજર્સી, વર્જિનિયા, ફ્લોરિડા, પેન્સિલવેનિયા સુધીના રાજ્યોમાં આતંક મચાવ્યો હતો. ગેંગના ૧૬ સભ્યોને શરુઆતના તબક્કે પકડવામાં આવ્યા છે.આ ગેંગના સભ્યો ભારતીય જ્વેલરી સ્ટોર, શો રુમમાં બંદુકોની અણીએ લૂંટ ચલાવતા હતા અને આખો સ્ટોર ખાલી કરીને જતા રહેતા હતા.

## ભારત જેવો પાડોશી નેપાળ માટે ગર્વની વાત : વિદેશમંત્રી

। કાઠમાંડૂ, તા.૯ ।

નેપાળનુ કમનસીબ છે કે તેને ભારત જેવો પડોશી મળ્યો છે...તેવુ નિવેદન આપનાર ચીનના નેપાળના રાજદૂતનો નેપાળમાં ભારે વિરોધ થઈ રહ્યો છે ત્યારે હવે નેપાળના વિદેશ મંત્રી સમગ્ર વિવાદમાં ડેમેજ કંટ્રોલનો પ્રયાસ કરી રહ્યા છે. નેપાળના વિદેશ મંત્રી સઉદે ભારતની સહાયથી શરુ થયેલી સ્કૂલના ઉદઘાટનમાં ભારતીય રાજદૂત નવીન શ્રીવાસ્તવની હાજરીમાં ભાતરના વખાણ કરતા કહ્યુ હતુ કે, નેપાળ માટે ગર્વની વાત છે કે, તેની પાસે ભારત જેવો પાડોશી છે. ભારતે નેપાળના લોકોના વિકાસમાં યોગદાન આપ્યુ છે. નેપાળ માટે ભારતની સતત સહાય મળતી રહેશે તેવી હું આશા રાખુ છું.ભારત પોતાના પાડોશી દેશની વખતો વખત મદદ કરતુ આવ્યુ છે.ઉલ્લેખનીય છે કે, ચીનના રાજદૂત સોંગે તાજેતરમાં નેપાળના એક જાહેર કાર્યક્રમમાં કહ્યુ હતુ કે, ભારત સાથે નેપાળે સાવધાની પૂર્વક વેપાર કરવો જોઈએ.નેપાળનુ કમનસીબ છે કે, તેને ભારત જેવો પાડોશી મળ્યો છે.જોકે ભારત એક મોટુ માર્કેટ છે અને નેપાળ તેનો ઉપયોગ કરી શકે છે. ભારતની નેપાળ તેમજ બીજા પાડોશી દેશો પ્રત્યેની નીતિ મિત્રતાપૂર્ણ નથી. નેપાળ માટે તે ફાયદો કરાવનારી પણ નથી.



દિલ્હીમાં સ્થાપિત સિંહની પ્રતિમાઓ ૨૨૦ સમિટ માટે રાષ્ટ્રીય રાજધાનીને સુશોભિત કરવા હાથ ધરવામાં આવેલા બ્યુટીફિકેશન અભિયાનનો એક ભાગ છે.

### જી૨૦ શિખર સંમેલનમાં ૨૦ દેશના નેતાનું આગમન

## જી૨૦ માટે નવી દિલ્હીમાં હાઈ એલર્ટ, એરફોર્સ સજ્જ

। નવી દિલ્હી, તા.૯ ।

ભારતની યજમાનીમાં થઈ રહેલા જી૨૦ શિખર સમ્મેલનમાં દુનિયાના ૨૦ દેશોના નેતા દેશની રાજધાની દિલ્હીમાં આવવા લાગ્યા છે આ માટે સમગ્ર દિલ્હીમાં કડક સુરક્ષા રાખવામાં આવી છે તેમજ શહેર હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે. આ જી૨૦ શિખર સમ્મેલનને લઈને દેશની રાજધાનીમાં ચાંપતી નજર રાખવામાં આવી રહી છે ત્યારે દિલ્હીમાં ભારતીય વાયુ સેનાને હવાઈ સુરક્ષા માટે મોટી જવાબદારી સોંપવામાં આવી છે. આ માટે ઈન્ડિય એરફોર્સે વિશેષ પ્લાન બનાવ્યો છે. એક અધિકારીના જણાવ્યા અનુસાર



વાયુસેના કોઈપણ હવાઈ ખતરાને પહોંચી વળવા તેમજ કોઈ અનઈચ્છનિય બનાવ ન બને તે માટે હાઈ એલર્ટ પર રહેશે.

વાયુસેના દ્વારા આ માટે ફાઈટર પ્લેન, મિસાઈલ તેમજ એંટી ડ્રોન સિસ્ટમ તૈનાત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ડ્રોન, ગ્લાઈડર, નાના ફાઈટર પ્લેન, મિસાઈલ સહિત અન્ય ખતરા માટે એરફોર્સની ટીમ તૈયાર રાખવામાં આવી છે.

### અમેરિકામાં આગામી વર્ષે રાષ્ટ્રપતિ પદની ચૂંટણી યોજાશે

## બાયડેનને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં અનેક ભારતવંશી ઉમેદવાર ભારે પડશે

। વોશિંગ્ટન, તા.૯ ।

અમેરિકામાં આગામી વર્ષે રાષ્ટ્રપતિ પદની ચૂંટણી યોજાશે. જેના માટે અનેક ઉમેદવારો દાવેદારી ઠોકી ચૂક્યા છે. વિપક્ષ રિપબ્લિકન પાર્ટી તરફથી ડોનાલ્ડ ટ્રમ્પ, વિવેક રામાસ્વામી, નિક્કી હેલી, રોન દેસાંતિસ, માઈક પેન્સ સહિત અનેક ઉમેદવારો રાષ્ટ્રપતિ પદની રેસમાં સામેલ છે. અત્યાર સુધી રિપબ્લિકન પાર્ટીની રેસમાં ટ્રમ્પ સૌથી આગળ દેખાઈ રહ્યા



છે. જોકે તાજેતરના એક સરવેમાં ચોંકાવનારા પરિણામ સામે આવ્યા. આ પોલમાં સામે આવ્યું કે જો રિપબ્લિકન પાર્ટી તરફથી નિક્કી હેલીને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જાહેર કરવામાં આવે તો તે વર્તમાન રાષ્ટ્રપતિ જો બાયડેન પર ભારે પડશે. સીએનએન/ એસએસઆરએસના એક સરવેના પરિણામોમાં આ માહિતી સામે આવી હતી. પરિણામ અનુસાર જો બાયડેન અને નિક્કી હેલી વચ્ચે જો રાષ્ટ્રપતિ પદ માટે જંગ જામશે તો નિક્કી હેલી બાયડેન પર ભારે પડશે. પોલ અનુસાર નિક્કી હેલીને ૪૯% વોટ મળ્યા હતા. જોકે બાયડેનને ફક્ત ૪૩% વોટ મળ્યા હતા. જ્યારે ટ્રમ્પ અને બાયડેન વચ્ચેની સીધી ટક્કરમાં બંને વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી છે. ટ્રમ્પને આ સરવેમાં ૪૭% વોટ મળ્યા છે જ્યારે બાયડેનને ૪૬% વોટ મળ્યા છે. ટિમ સ્કોટ અને માઈક પેન્સ બંનેને બાયડેનની તુલનાએ ૪૬% અને બાયડેનને ૪૪% વોટ મળ્યા હતા. ન્યૂજર્સીના ગવર્નર અને રિપબ્લિકન પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ક્રિસ ક્રિસ્ટીને ૪૪% વોટ મળ્યા છે જ્યારે બાયડેનને તેમની તુલનાએ ૪૨% વોટ મળ્યા હતા. વિવેક રામાસ્વામી સતત ચર્ચામાં છે. જોકે આ પોલમાં તે બાયડેન સામે પસ્ત થઈ ગયા છે. પોલ અનુસાર બાયડેનને ૪૬% તો રામાસ્વામીને ૪૫% વોટ મળ્યા છે.

નિક્કી હેલી રિપબ્લિકન પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદની દાવેદારી રજૂ કરતી એકમાત્ર મહિલા ઉમેદવાર છે.

### દેશના અનેક વિસ્તારોમાં મોનસૂન એક્ટિવ રહેશે

## દેશના અનેક ભાગમાં ૩-૪ દિવસ વરસાદની આગાહી

### નવી દિલ્હીના વિસ્તારોમાં ૯મી અને ૧૦મી સપ્ટેમ્બરે હળવો કે મધ્યમ વરસાદ જોવા મળી શકે છે

। નવી દિલ્હી, તા.૯ ।

મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાતમાં આગામી ત્રણ દિવસ સુધી ભારે વરસાદનું પૂર્વાનુમાન છે. જ્યારે મોનસૂનની સ્થિતિની વાત કરીએ તો હવામાન વિભાગ (આઈએમડી) ના અહેવાલ અનુસાર ઉત્તર, મધ્ય અને પૂર્વ ભારતના રાજ્યોમાં આગામી ત્રણથી ચાર દિવસ સુધી મોનસૂન એક્ટિવ રહેશે. તેના લીધે ભારતના આ ભાગોમાં વરસાદ જોવા મળી શકે છે. હવામાન વિભાગની માનીએ તો દેશની રાજધાની નવી દિલ્હીમાં આજે એટલે કે ૦૮ સપ્ટેમ્બરે લઘુત્તમ



તાપમાન ૨૭ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી સુધી પહોંચી શકે છે. જ્યારે આજે નવી દિલ્હીમાં વાદળોનો કબજો જોવા મળી શકે છે. જ્યારે ૦૯ અને ૧૦ સપ્ટેમ્બરની વાત કરીએ તો નવી દિલ્હીના વિસ્તારોમાં હળવો કે મધ્યમ વરસાદ જોવા મળી શકે છે.

### વરસાદને પગલે જિલ્લાના ચાર માર્ગો અવરોધાયા

## ડાંગ જિલ્લામાં હવામાન વિભાગની આગાહી અનુસાર વરસાદની શરૂઆત

। ડાંગ,તા.૯ ।

ડાંગ જિલ્લામાં હવામાન વિભગાની આગાહી અનુસાર વરસાદની શરૂઆત થઈ છે. છેલ્લા દસ કલાકમાં નોંધાયો ૫૬ સ્સ વરસાદ નોંધાયો છે. સતત પડી રહેલા વરસાદને પગલે જિલ્લાના ચાર માર્ગો અવરોધાયા છે. વનાચ્છાદિત ડાંગ જિલ્લામાં વરસાદના પુનરાગમન બાદ આજે પણ મેઘ મહેર યથાવત રહેવા પામી છે. જિલ્લાના ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ તરફથી મળેલી વિગતો અનુસાર તા ૮ મી સપ્ટેમ્બરે સવારે ૬ વાગ્યે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન જિલ્લામાં સરેરાશ ૯૪ MM વરસાદ



નોંધાવા પામ્યો હતો. ત્યાર બાદ બીજા દસ કલાક એટલે કે સવારના છ થી આ લખાય છે ત્યાં સુધી, એટલે કે સાંજના ચાર વાગ્યા સુધી બીજો સરેરાશ ૫૬ સ્સવરસાદ અહીં નોંધાઈ ચુક્યા છે.વિગતે જોઈએ તો આ દસ કલાક દરમિયાન આહવા તાલુકામાં ૮૧ MM વરસાદ નોંધાયો છે. જેની સાથે આહવા તાલુકાનો મોસમનો કુલ વરસાદ ૧૬૯૦ મી.મી. થવા પામ્યો છે. તો વઘઇ તાલુકામાં ૩૧ મી.મી. સાથે કુલ ૧૭૦૪ MM, અને સુબિર તાલુકામાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન ૫૬ સ્સ વરસાદ સાથે મોસમનો કુલ વરસાદ ૧૫૦૦ MM નોંધાઈ ચુક્યો છે. આમ, જિલ્લામાં દસ કલાકમાં વધુ સરેરાશ ૫૬ MM વરસાદ નોંધાવા પામ્યો છે. દરમિયાન ડાંગ જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ તરફથી મળેલી વિગતો અનુસાર, તા. ૮ સપ્ટેમ્બરના રોજ બપોરના ૩ વાગ્યાની સ્થિતિએ જિલ્લાના જે માર્ગો વરસાદી પાણીને કારણે અવરોધાયા છે.

## ખડગે-સોનિયાને આમંત્રણ ન અપાયા, મનમોહનને બોલાવાયા

। નવી દિલ્હી, તા.૯ ।

દિલ્હીમાં જી-૨૦ સમિટ શરુ થવા માટે થોડા કલાકો જ બાકી છે ત્યારે જી-૨૦ના ડિનરમાં કેબિનેટ મંત્રી, વિદેશી પ્રતિનિધી સાંસદો અને મંત્રીઓ સહિત દેશના કેટલાક પૂર્વ સીનિયર નેતાઓ પણ સામેલ થશે. બીજી તરફ કોંગ્રેસ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને આ ડિનર માટે આમંત્રણ મોકલવામાં આવ્યું નથી. આ સાથે સોનિયા ગાંધીને પણ આમંત્રણ મોકલવામાં આવ્યુ નથી. આ પહેલા બુધવારે કોંગ્રેસના એક સુત્રએ કહ્યું હતું કે રાષ્ટ્રપતિ દ્વારા આયોજિત ડિનર માટે કેટલાક કેન્દ્રિય મંત્રીઓ અને મુખ્યમંત્રીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે પણ ખડગેને આમંત્રણ મોકલવામાં આવ્યું નથી. તેમણે વધુમાં કહ્યું કે ડિનર માટે પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહને આમંત્રણ મોકલવામાં આવ્યું છે.




પૂર્વ મંત્રી અને વરિષ્ઠ ભાજપના નેતા મુખ્તાર અબ્બાસ નકવી ઉત્તર પ્રદેશના રામપુરમાં 'મેરી માટી મેરા દેશ' અભિયાન હેઠળ ગામ પટવાઈના દરેક ઘરમાંથી ઘરમાંથી 'અમૃત કલશ'માં એક ચપટી ચોખા એકત્રિત કરે છે.

### અમેરિકાના પ્રમુખની મુલાકાત પહેલા ભારતનું પગલું

## ભારતે યુએસની અડધો ડઝન ઉત્પાદનનો પરની વધારાની ડ્યુટી હટાવી દીધી હતી

। નવી દિલ્હી, તા.૯ ।

ભારતે ૨૦૧૯માં અમેરિકાના લગભગ અડધા ડઝન ઉત્પાદનો પર લાદેલી વધારાની ડ્યુટી હટાવી દીધી છે. અમેરિકાએ ભારતના કેટલીક સ્ટીલ અને એલ્યુમિનિયમ પ્રોડક્ટો પર ટેરિફ વધારી હતી, જેના જવાબમાં ભારતે પણ વધારાની ડ્યુટી લાદી દીધી હતી. ભારતે ૨૦૧૯માં અમેરિકાના પગલાના જવાબમાં તેના ૨૮ ઉત્પાદનો પર વધારાની ડ્યુટી લાદી હતી.

દરમિયાન ભારતની યજમાની હેઠળ દિલ્હીમાં યોજાનાર જી૨૦ શિખર સંમેલનમાં અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન આવવાના છે. જોકે તે પહેલા ભારતે ૧૨ અમેરિકી ઉત્પાદનો પર વધારાની લાદેલી ટેરિફ હટાવી દીધી છે. નાણાં મંત્રાલયના ૫મી સપ્ટેમ્બરના નોટિફિકેશનમાં ૧૨ અમેરિકી ઉત્પાદનો પર ડ્યુટી હટાવવાની જાણકારી અપાઈ છે. આ ઉત્પાદનોમાં ચણા, દાળ (મસૂર), સફરજન, છાલવાળી અખરોટ, તાજી અથવા સુકેલી બદામ તેમજ છાલવાળી બદામનો સમાવેશ થાય છે.

# અમદાવાદમાં રહેતા જામવાળીઓના કુટુંબોનો સ્નેહમિલન યોજાયો

### જામવાળીના દિકરા અને દિકરીઓના કુટુંબનું સ્નેહમિલન દર વર્ષે કરવાનું નક્કી, ખર્ચ કરતાં વધારે ભંડોળ ભેગું થયું

। અમદાવાદ, તા.૯ ।

અમદાવાદમાં ગુજરાતના લગભગ તમામ ગામના લોકો રહે છે. તેઓ જન્માષ્ટમી અને નવા વર્ષની શરૂઆતમાં મળતાં હોય છે. કોઈ એક ગામના લોકો વર્ષમાં એક વખત મળે એવો ટ્રેન્ડ જોવા મળે છે. આવું જ ગામ જામવાળી છે.

જામનગરના જામજોધપુર તાલુકાના જામવાળી ગામના મૂળ વતની અને હાલ અમદાવાદમાં વસતાં ૨૦૦ પાટીદાર કુટુંબો મળ્યા હતા. મળવાનો હેતું સ્નેહ અને સંબંધો વધારવાનો હતો. ૨૦૦ કુટુંબોને મદદરૂપ થવા માટે પ્રયાસ કરવાનો છે. એક બીજાને મદદ કરવાનો છે. જામવાળીના દિકરા અને દિકરીઓના કુટુંબનું સ્નેહમિલન દર વર્ષે કરવાનું નક્કી કરાયું હતું. આગામી વર્ષે કાર્યક્રમ કરવા માટે ખર્ચ કરતાં પણ વધારે ભંડોળ થઈ ગયું છે. શરૂઆતના ૩ દશકાઓ સુધી તો જામવાળીના કુટુંબો વાર તહેવારે એક બીજાના ઘરે મળવા જતાં હતા. પણ પછી ૩૫ ચોરસ કિલોમીટરનું અમદાવાદ આજે ૪૦૦ ચોરસ કિલોમીટરનું થઈ ગયું તેથી બધાના ઘરે મળવા જવાનું ૩ દાયકાથી ઓછું થતું ગયું. તેથી કેટલાક આગેવાનોએ મળવાનું નક્કી કર્યું હતું.



૧૯૯૬-૯૭માં ૨૬ વર્ષ પહેલાં પ્રભુદાસભાઈ વાછાણી અને નવીનભાઈ ગોરધનભાઈ સુરતીયા (માર્બલવાળા) એ પહેલો કાર્યક્રમ અમદાવાદમાં કર્યો હતો. ત્યાર પછીના લાંબા સમય પછી કાર્યક્રમ થયો હતો. મૂળ જામવાળીના અને અમદાવાદમાં રહેતાં ૬૦૦ લોકોમાંથી ૫૨૫ લોકો કાર્યક્રમમાં હાજર હતા. જેમાં દિકરીઓ અને જમાઈઓ અને તેમના કુટુંબના સભ્યો પણ હતા. નવીનભાઈ (નાથાભાઈ) ભાણવડિયા ૧૯૬૨ પહેલાં આવ્યા હતા. રિલિફ રોડ પર પાટીદાર કાપડ સ્ટોર હતો. અત્યારે તેમની સીજી રોડ પર સ્ટોર છે. ૧૯૬૨-૬૩માં જામવાળીના સ્વ.મોહનભાઈ છગનભાઈ વાછાણી અને પછી સ્વ.પરસોત્તમભાઈ ગોરધનભાઈ રામજીભાઈ સુતરીયા અમદાવાદ આવીને વસ્યા હતા. તેઓએ નોકરી અને પછી ધંધો કરીને ગામના બીજા લોકોને અમદાવાદ આવવા પ્રેરણા આપી. પહેલાં તેમના કુટુંબના સભ્યોને ખેંચા લાવ્યા અને પછી આખો પ્રવાહ શરૂ થયો હતો. આજે ૬૦ વર્ષ પછી જામવાળી ગામના ૧૦૨ દિકરાઓ અને ૯૬ દિકરીઓના કુટુંબ અમદાવાદમાં રહે છે.

## તંત્રી લેખ...

# આ પાનનો ઉકાળો પીઓ,

કિડનીમાં પથરી થવા પાછળ અનેક કારણો જવાબદાર હોય છે. કિડનીમાં જ્યારે પથરી થાય ત્યારે અસહ્ય દુખાવો થતો હોય છે. આમ, તમે આ પાનથી પથરીને તોડીને સરળતાથી બહાર નિકાળી શકો છો. પેશાબ અને કિડનીની સમસ્યાથી અનેક લોકો પીડાતા હોય છે. આમાંથી એક સૌથી કોમન અને ભયંકર બીમારી કિડનીમાં પથરી થવાની છે. આ રોગમાં કિડનીમાં નાની-મોટી પથરી થતી હોય છે. આ પથરી સામાન્ય રીતે પેશાબના માર્ગમાં ફસાઈ જતી હોય છે જેના કારણે પેશાબ બરાબર થતો નથી અને થોડો દુખાવો થતો હોય છે. પેશાબમાં પથરી થવા પાછળ અનેક કારણો હોય છે, જેમાં ખાસ કરીને પ્રોટીન, સોલ્ટનું વધારે સેવન, કેલ્શિયમનું વધારે સેવન, જેનેટિક કારણ મૂત્ર માર્ગમાં સંક્રમણ થવાની સમસ્યા રહેતી હોય છે. પેશાબમાં જ્યારે પથરી થાય ત્યારે પેટના નીચેના ભાગમાં દુખાવો, પેશાબમાં લોહી આવવુ, પેશાબમાં બળતરા થવી, વારંવાર બાથરૂમ જવાની ઈચ્છા થતી હોય છે. આ લક્ષણો ખાસ કરીને જોવા મળતા હોય છે. કિડનીની પથરીનો આર્યુવેદિક ઈલાજ શું છે? નવભારતટાઈમ્સ અનુસાર આર્યુવેદ ડોક્ટર ચૈતાલી રાઠોડ જણાવે છે કે પેશાબની પથરીની સારવાર માટે ભલે એડવાન્સ ટેક્નોલોજીનો ઉપયોગ થતો હોય, પરંતુ અનેક વર્ષો પહેલાં લોકો પૂરી રીતે આર્યુવેદિક હર્બલ દવાઓ પર નિર્ભર કરતા હતા. તો જાણો આ વિશેની આર્યુવેદિક સારવાર શું છે. પથ્થરચટ્ટાના પાન પથરીને દૂર કરવાનું કામ કરે છે. ભારતમાં આ બહુ પ્રસિદ્ધ પાન છે. આ પાનને પથ્થરચટ્ટા, પત્થરતોડ તેમજ પત્થરચૂર એમ વગેરે નામથી ઓળખવામાં આવે છે. આ પાનનો ઉપયોગ આર્યુવેદિક ચિકિત્સામાં જડીબુટ્ટીના રૂપમાં કરવામાં આવે છે. પથ્થરચાટ પાનનો ઉપયોગ કેવી રીતે કરશો એ બહુ મહત્વનો છે. તમે પાનનો ઉકાળો બનાવીને પી શકો છો. આ પાનનો તમે ચૂર્ણ બનાવી શકો છો. આ સાથે તમે ઉકાળો પણ બનાવી શકો છો. આ ઉકાળો તમે પીઓ છો તો પેશાબ વાટે પથરી બહાર નિકળી જશે. ઉકાળો બનાવવા માટે એક ચમચી પાવડર લો અને એમાં બે કપ પાણી નાખીને મિક્સ કરો. પછી આ વસ્તુને સારી રીતે ઉકાળી લો. આ ઉકાળો દિવસમાં બેથી ત્રણ વાર પીઓ. મહત્વની વાત એ છે કે આ માટે તમારે ડોક્ટરની સલાહ લેવી ખૂબ જરૂરી છે.

# જી-૨૦ ભારત માટે મોટો અવસર

દિલ્હીમાં જી-૨૦ની તડામાર તૈયારીઓ થઈ રહી છે. આખી દુનિયાની નજરો નવી દિલ્હી તરફ છે. જ્યારે પણ આ પ્રકારનું કોઈ મોટું આયોજન થાય છે, જેમાં મોટા મોટા નેતા આવે છે તો યજમાન દેશની જવાબદારી વધી જાય છે. તેમની સુરક્ષા, વગેરેનું ધ્યાન રાખવું પડે છે, જેનાથી સ્થાનિક લોકોને થોડી અસુવિધા પણ થાય છે. તેથી આપણા વડાપ્રધાને પહેલાં જ મહેમાનોના સ્વાગતને કારણે થનારી અસુવિધા માટે ખેદ વ્યક્ત કર્યો છે. આ પ્રકારનું જ્યારે કોઈ મોટું આયોજન થાય છે તો યજમાન દેશ પાસે દુનિયાને પોતાની ક્ષમતા દેખાડવાનો અવસર મળે છે. ભારત ન માત્ર આર્થિક બાબતોમાં ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે, બલ્કે બુનિયાદી માળખા મામલે ઘણો વિકાસ કરી રહ્યું છે. આ અવસર પર આપણે સામાજિક, આર્થિક, વૈજ્ઞાનિક ક્ષમતાની સાથે સાથે પોતાની સાંસ્કૃતિક ક્ષમતાનું પણ પ્રદર્શન કરી શકીએ છીએ. વિકસિત દેશો ઉપરાંત ગ્લોબલ સાઉથના જે દેશ આ અવસરે ભારત આવશે, તેઓ પણ એ જોઈને પ્રેરિત થશે કે ભારત જેવો મોટી જનસંખ્યાવાળો વિકાસશીલ દેશ, જે તેમની જેમ મુશ્કેલીઓમાંથી ઉગરીને આગળ આવ્યો છે, આજે કઈ રીતે વૈશ્વિક મંચ પર વિકસિત દેશ સાથે હોડ કરી રહ્યો છે. એનાથી વિકસિત દેશોમાં આગળ રોકાણમાં વધુ મદદ મળી શકે છે. બીજું, એનાથી બાકી દેશોમાં બજાર પણ મળી શકે છે. ભારત જે રીતે આત્મનિર્ભરતા પર અને નવી ટેકનિકના વિકાસ પર ભાર મૂકી રહ્યું છે, રોકાણ માટે બીજા દેશોને આમંત્રિત કરી રહ્યું છે, તેમાં પણ ફાયદો મળશે. ચીનને લઈને કેટલાય દેશોમાં થોડીઘણી નકારાત્મકતા જે રીતે ફેલાઈ છે, તેનો લાભ પણ ભારત જી-૨૦ની બેઠકથી ઉઠાવી શકે છે. જી-૨૦ની અધ્યક્ષતા વીસ વર્ષોના અંતરાલ પર મળે છે. આના પહેલાં ૨૦૦૩માં પણ ભારતે જી-૨૦ની અધ્યક્ષતા કરી હતી. કેટલાય અર્થમાં તો ૨૦૦૩ અને હવેનો સમય ભારત માટે એક જેવો જ દેખાય છે. એ સમયે 'શાઈનિંગ ઈન્ડિયા'નું અભિયાન ચાલી રહ્યું હતું અને ભારત અમેરિકા સાથે રણનીતિક ભાગીદારીની તૈયારી કરી રહ્યું હતું, જ્યારે એના પહેલાં અમેરિકા અને કેટલાક અન્ય પશ્ચિમી દેશોએ આપણા પરમાણુ કાર્યક્રમને લઈને કેટલાય પ્રકારના પ્રતિબંધો લગાવ્યા હતા, જે હટાવવામાં આવી રહ્યા હતા. આપણી અર્થવ્યવસ્થા ઝડપથી આગળ વધી રહી હતી અને આગામી વર્ષ ૨૦૦૪માં થનારી લોકસભા ચૂંટણીની ગરમાગરમી શરૂ થઈ ગઈ હતી. લગભગ આવી જ સ્થિતિ આજે પણ છે. થોડા સમય પહેલાં કોવિડને કારણે ભારત સહિત દુનિયાભરની અર્થવ્યવસ્થાઓને ઝાટકો લાગ્યો હતો, જેમાં ભારત ઝડપથી ઉગરી ગયું છે અને આપણી અર્થવ્યવસ્થા સૌથી ઝડપથી આગળ વધી રહી છે. એમાં અંતર એટલું છે કે આંતરરાષ્ટ્રીય જગતમાં ભારતનું કદ પહેલાં કરતાં વધારે વધ્યું છે. કોવિડ મહામારી દરમ્યાન વેક્સીન ડિપ્લોમસી દ્વારા ભારતે આખા વિશ્વમાં, ખાસ કરીને આફ્રિકા, લેટિન અમેરિકા અને પોતાના પડોશી દેશો સાથે સદ્ભાવના મેળવી, જે સારી વાત છે. જોકે આંતરરાષ્ટ્રીય સ્તર પર પોતાનું કદ વધારવાની શરૂઆત ૨૦૦૩માં જ શરૂ થઈ ચૂકી હતી, પરંતુ વ્યાવહારિક સ્તર પર તેના માટે એટલા વધારે પગલાં નહોતાં ભરાયાં. ડિસેમ્બર, ૨૦૦૩માં સુનામી આવતાં ભારતે પ્રભાવિત દેશોની મદદ શરૂ કરી હતી. કોવિડ સમયે પણ બીજા દેશોની ભારતે ઘણી મદદ કરી હતી. હાલના દિવસોમાં અંતરિક્ષ વિજ્ઞાનના ક્ષેત્રમાં ભારતે જે રીતે સફળતા હાંસલ કરી છે, તેનાથી પમ દુનિયાભરમાં ભારતની ક્ષમતાનો ડંકો વાગ્યો છે. ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ચંદ્રયાન-૩ને સફળતાપૂર્વક સોફ્ટ લેન્ડિંગ કરાવનાર પહેલો દેશ બની ગયો છે. હાલમાં જ ભારતે આદિત્ય એલ-૧ લોન્ચ કર્યું છે. તે ઉપરાંત ભારતે સોલર એલાયન્સના મુખ્યાલય માટે પાંચ એકર જમીન આપી છે. કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે નિર્ધારિત લ-યની દિશામાં ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે. આ બધી નવી ચીજો છે. કોવિડ મહામારી અને યુક્રેન યુદ્ઘ બાદ યુરોપની અર્થવ્યવસ્થા ઘણી કથળી ગઈ છે. કેટલાક દેશ પહેલાં જ મંદીમાં ફસાઈ ગયા છે અને કેટલાક મંદીમાં સરવાના આરે છે.

# ભવનાથ મંદિર એટલે જ્યાં સ્વયં શિવજી એ અહીં સમાધિ લીધી હતી તો, આ મંદિર આશરે સતયુગનું એટલે કે ઘણું એટલે ઘણું પ્રાચીન છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



શ્રાવણ ભક્તિભાવથી ભરપૂર લોકમાનસમાં હિલોળા લેતો અંત તરફ આગળ વધી રહ્યો છે, અને માત્ર ગણતરીનાં દિવસોમાં શ્રાવણ પૂરો થશે! ભક્તિને નામે કંઈ જ એવું ન કરવાં છતાં લોકો પોતે એક એક મહિનાથી આમ કર્યું! તેમ કર્યું! એવાં ગાણાં ગાશે. મહાદેવ ભોળાનાથ સૌ કોઈની મનોકામના પૂરી કરે છે, માટે અહીં અભણ થી અભણ, ગમાર ભક્તો પણ આવે છે, અને સાક્ષર ભક્તો પણ આવે છે. આજે તો હવે લોકોની બૌદ્ધિકતાનો અંક બહુ જ ઉપર ગયો છે, એમાં પણ ખાસ કરીને ચતુરાઈ અને હોશિયારીનો આ યુગ હોવાથી સૌ કોઈ સાક્ષર છે. પરંતુ ભગવાન પાસે પ્રાર્થના કરવાની હોય તો આપણું તમામ પ્રકારનું અભિમાન મૂકી, અને રંક ભાવે પ્રાર્થના કરવામાં આવે તો એ વધુ ઝડપથી સાંભળે છે. આજે આપણે સૌરાષ્ટ્ર ના જૂનાગઢના પ્રસિદ્ધ મહાદેવ ભવનાથની વાત કરવા જઈ રહ્યા છીએ. લગભગ આ નામથી તો સૌ કોઈ પરિચિત હશે, કારણકે જુનાગઢનું ભવનાથનું મંદિર ખૂબ જ પ્રસિદ્ધ છે, અને અહીં શિવરાત્રીના મેળામાં તેમજ લીલી પરિક્રમા વખતે હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે,ત્યારે આ મંદિર પર ધ્વજારોહણ થતું હોવાથી બધાં જ આ મંદિરથી પરિચિત હશે.

જૂનાગઢનું નામ આવે એટલે એક તો ગિરનાર યાદ આવે, અને બીજું ભક્ત કવિ નરસિંહ યાદ આવે. ગિરિ તળેટીમાં આજે પણ તેની ચેતના અમર રીતે ફરી રહી છે, અને આપણી ચેતના સાથે તેનું જોડાણ પણ આપણે અનુભવી શકીએ છીએ. કરતાલનો મધુર અવાજ પણ સંભળાતો હોય એવી અનુભૂતિ, આજે ૬૦૦ વર્ષ પછી પણ આપણને થાય છે. ગિરનાર એ એક અત્યંત પવિત્ર ધામ છે, અને આધ્યાત્મિક સાધના કરવા માટે અતિ ઉત્તમ છે. કોઈ જટાળો જોગી આરામ ફરમાવતો હોય એ રીતની તેની ભૌગોલિક રચના પણ છે. કહેવાય છે કે આજે પણ ગિરનારમાં ૯ નાથ, ૬૪ જોગણી, ૮૪ સિદ્ધ અને ૫૨ વીરનો મુકામ કાયમ છે,અને એટલે જ અતિ પ્રાચીન હોવા છતાં આજે પણ અડીખમ ઉભો છે, સંસ્કૃતિ પ્રમાણે તો એ હિમાલયનાં પણ દાદા છે એવું કહેવાય છે. જુનાગઢ પોતે ગિરનાર, મૃગીકુંડ, અને નરસિંહ મહેતા,અને ભવનાથ જેવા કેટલાય સ્વયંભૂ શિવલિંગ માટે જાણીતું છે,તેમજ કાર્તિક શુક્લમાં લીલી પરિક્રમા તેમજ શિવરાત્રીના મેળા માટે ખૂબ જ પ્રખ્યાત છે. ભવનાથમાં બે શિવલિંગ આવેલાં છે, અને નાનાં સ્વયંભૂ એક શિવલિંગમાં નાના-નાના દાણા જેવા ઉપસી આવેલા ભાગ છે, અને પ્રત્યેક ભાગ પર ઓમકાર લખેલું છે. જ્યારે બીજું મોટું શિવલિંગ દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામા એ કુરુક્ષેત્રનું યુદ્ધ જીતવા માટે તેની પ્રતિષ્ઠા કરી હતી. તળેટીમાં આવેલું ભવનાથનું મંદિર જુનાગઢ શહેરથી ૭ કિલોમીટરના અંતરે આવેલું છે, અને રેલવે સ્ટેશનથી આશરે ૫ કિલોમીટરનો રસ્તો થાય છે. અહીંથી પછી ગિરનાર ચડવાવાળા ભવનાથના દર્શન કરી આગળ જાય છે. ભવનાથના મંદિર સાથે પણ પૌરાણિક કથા જોડાયેલી છે.

એકવાર ભગવાન શંકર પૃથ્વી પર સમાધિ સ્થળ શોધી રહ્યા હતા, અને તેમને ગિરનાર પસંદ આવી જતા તેઓ અહીં સમાધિમાં બેસી ગયાં. પાર્વતીજીને આ વાતની જાણ ન હતી કેટલાય વર્ષો રાહ જોઈ, છતાં ભગવાન આવ્યાં નહીં, આથી નારદ મુનિને શિવજીની તપાસ માટે પૃથ્વી પર મોકલ્યાં, નારદ મુનિએ માતા પાર્વતીને ગિરનાર પંથકમાં મહાદેવ બિરાજમાન છે, તેની જાણકારી માં પાર્વતી ને આપે છે, અને પાર્વતી સ્વયં પોતે આવે છે, અને ભગવાનને પાછા આવવા માટે ખૂબ જ સ્તુતિ પ્રાર્થના કરે છે. પરંતુ સમાધિ છૂટતી નથી, આથી તેત્રીસ કરોડ દેવતા આવીને ભગવાનની સમાધી છૂટે એ માટે પ્રયત્ન કરે છે, અંતે ભગવાન ભવનાથ સ્વરૂપે પ્રગટ થાય છે, અને શિવ-પાર્વતીનું મિલન થાય છે. મહાભારત કાળની વાત કરીએ તો તે આજ થી ૫૦૦૦ વર્ષ પૂર્વેની વાત છે, એટલે દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામા એ આ શિવલિંગની સ્થાપના કરી હોય તો, એ લીંગ પણ આશરે ૫૦૦૦ વર્ષ પ્રાચીન છે એમ કહી શકાય. આ ઉપરાંત મૃગી કુંડનો પણ ઈતિહાસ બતાવવામાં આવ્યો છે કે, શિવ પાર્વતી ફરતા-ફરતા ગિરનાર પાસેથી પસાર થાય છે, ત્યારે પોતાના વસ્ત્રો ફેંકે છે, અને અહીં સુવર્ણ રેખા નદી મધ્ય આવેલ આ મૃગીકુંડની રચના થાય છે. શિવરાત્રિના મેળામાં આવતા અઘોરીઓ તેમજ નાગાબાવાઓ મૃગીકુંડમાં સ્નાન કરી પછી જ શિવરાત્રીનાં મેળામાં પ્રવેશ કરે છે, તેમજ પાછા ફરતી વખતે મૃગીકુંડમાં ડૂબકી મારીને અલોપ થઈ જાય છે. એટલે આ પણ એક રહસ્યમય ઘટના છે કે, ક્યાંથી આવ્યા અને ક્યાં ગયાં? તે કોઈ કહી શકતું નથી. કહેવાય છે કે ભગવાન શંકર સ્વયં પોતે શિવરાત્રીના મેળામાં પ્રત્યક્ષ હાજરી આપે છે.શિવરાત્રિએ રાત્રે ૧૨ વાગ્યે નાગા બાવા સાધુઓનું સરઘસ નીકળે છે.આ સરઘસમાં પહેલી પાલખી ભગવાન ગુરૂ દતાત્રેયની હોય છે.ત્યારબાદ અન્ય અખાડાઓની પાલખી ઓ સાથે જુદા જુદા સ્થળોએથી આવેલા સાધુઓ જોડાય છે.નાગા સાધુઓ તલવાર,લાકડી, ભાલા ઓ સાથે વિવિધ કરતબો કરતાં દ્રશ્યમાન થાય છે.છેલ્લે સરઘસ ભવનાથ મંદિરના પટાંગણમાં દાખલ થઈને મૃગીકુંડ સુધી આવે છે. નિયત કરેલા સમય મુજબ સાધુ-સંતો મૃગીકુંડમાં સ્નાન કરે છે. ત્યારબાદ સૌ ભવનાથ મહાદેવની મહાઆરતી તેમજ પુજાઅર્ચના કરે છે.નાથસંપ્રદાયના સાધુઓ હાથમાં મશાલ લઈને નીકળે છે, ત્યારે અદભૂત દ્રશ્ય સર્જાય છે. સુવર્ણરેખા નદીની મધ્યમાં આવેલા પુરાણ પ્રસિધ્ધ મૃગીકુંડના કિનારે આવેલ આ શિવલિંગનો ઈતિહાસ રાજા ભોજના સમય સુધી જાય છે. થોડા વર્ષ પહેલા જ્યારે આ મંદિરનો જીર્ણોધ્ધાર થતો હતો, ત્યારે તેના પાયા નજીકથી ૮-૧૦ ફૂટ ઊંડે સુંદર અને સૂક્ષ્મ કોતરણી વાળા શિલાખંડો મળી આવ્યા હતા. જે દર્શાવે છે કે ભૂતકાળમાં આ મંદિર ભવ્ય જાહોજહાલી ધરાવતું હશે.કાળક્રમે કુદરતી હોનારત કે આક્રમણનો ભોગ બનીને મંદિર કદાચ ધ્વસ્ત થયું હશે.

હાલમાં આવેલું ભવનાથ મંદિરનો જીણોદ્ધાર ૨૦૦૧ ના ધરતી કંપ પછી થયો છે,એ જીર્ણોદ્ધાર થયેલું સ્વરૂપ આપણે દર્શન અર્થે જઈએ ત્યારે જોવા મળે છે, પરંતુ તેના ઈતિહાસના છેડાઓ કઈ કેટલાય પ્રાચીન છે, તે આપણે જોયું. સ્વયં શિવજી એ અહીં સમાધિ લીધી હોય તો, આ મંદિર આશરે સતયુગનું એટલે કે ઘણું એટલે ઘણું પ્રાચીન છે. આપણે સૌ કેટલા ભાગ્યશાળી કે આવા પ્રાચીન મંદિરનાં ઈતિહાસ સાથે આપણે સંકળાયેલા છીએ, અને આપણે તેના દર્શન પણ કરી શકીએ છીએ. આમ તો ગિરનાર પોતે જ એક શિવલિંગ કે શંકરનું સ્વરૂપ છે, અને તેના ભૂગર્ભમાં પણ શિવની જેમ આપણી માટે સદાય કલ્યાણની ધારા વહે છે. જે કેટલાય કુદરતી સંકટોનો સામનો ખુદ કરી આપણને તેનાથી બચાવે છે.

આ ઉપરાંત ભગવાન દત્તાત્રેયની વાત પણ ગિરનાર સાથે જોડાયેલી છે, અને દત્તાત્રેયની ટૂંક પણ ગિરનારમાં આવેલી છે. કહેવાય છે કે ભગવાન દત્તાત્રેય પાંચ કે છ દિવસ અહીં રહ્યા હતા, અને તેઓ ગિરનાર આસપાસ ફર્યા હતા, એટલે ભકતો ભગવાન દત્તાત્રેયની સ્મૃતિમાં લીલી પરિક્રમાનો ઉત્સવ ઊજવે છે. શિવરાત્રીના મેળાનો પ્રારંભ મહા વદ નોમથી શરૂ થાય છે અને ભવનાથ પર ધ્વજા રોહણ કર્યા પછી, શિવરાત્રીના મેળાનો પ્રારંભ થાય છે તે મહાશિવરાત્રી સુધી આ ઉત્સવ ચાલે છે અને કઈ કેટલાય અખાડાઓમાં શિવ પ્રેમીઓ આવે છે અને ભાવિક ભક્તો પણ આ મેળાનો લાભ તેમજ આ બધું નજરે નિહાળવાનો લ્હાવો લેવા આવતા હોય છે. આ મંદિરમાં કોઈ રહેઠાણની વ્યવસ્થા નથી, પરંતુ આ મંદિર આસપાસ ૬૦ જેટલી ધર્મશાળાઓ આવેલી છે, અને ત્યાં આગળ રોકાણ કરી શકાય તેવી વ્યવસ્થા પણ છે, અને બે વાર ભોજનની પણ વ્યવસ્થા આ આશ્રમો કે ધર્મશાળાઓમાં કરવામાં આવી છે. આપણે સૌ આવા પ્રાચીન મંદિરના દર્શને જઈ શકીએ, એ માટે કાળ રૂપી રાક્ષસનો મહાકાળ જ ખાત્મો કરી શકે તેમ છે. તેના ચરણોમાં નિત્ય શુભ મંગલની પ્રાર્થના કરીએ, બોલો ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, હર હર ભોલે, હર હર ભોલે, હર હર ભોલે.

### શ્રાવણ માસમાં શિવમહિમા -૨૪

# કાશી વિશ્વનાથ જ્યોર્તિલિંગનું મહાત્મ્ય જાણીએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



શ્રાવણ માસ આરાધના ઉપાસના અભિષેકના ભક્તિભર્યા માહોલ માં મેઘરાજાની પધરામણીના ઈન્તજારમાં પુરો થવા આવ્યો ક્યાંક સારા વાવડ મળે એટલે હૃદય મનમાં એક આશાની લહેરખી ફરકી જાય છે કે હવે તો જરૂર મેઘરાજા મહેરબાની કરશે. આ આશાએ આજે આપણે શ્રાવણ માસના શિવ મહિમામાં કાશી વિશ્વનાથ જયોર્તિલિંગ નું મહાત્મ્ય જાણીએ.

કાશી વિશ્વનાથ મંદિર હિંદુ ધર્મનું સૌથી જાણીતું મંદિર છે, જે ભગવાન શિવને સમર્પિત છે. તે વારાણસી, ઉત્તર પ્રદેશમાં આવેલું છે. આ મંદિર પવિત્ર નદી ગંગાના જમણા કાંઠે આવેલી છે અને બાર જ્યોતિર્લિંગો માંનું એક છે. અહીંના મુખ્ય દેવ વિશ્વનાથ અથવા વિશ્વેશ્વરા તરીકે જાણીતા છે, જેનો અર્થ વિશ્વના નાશ થાય છે. વારાણસી શહેર કાશી તરીકે જાણીતું છે,એટલે આ મંદિર કાશી વિશ્વનાથ મંદિર તરીકે ઓળખાય છે.આ મંદિરમાં ભગવાનનું શિવ લિંગ મનોવાંછિત ફળદાયક માનવામાં આવે છે.મંદિરનું નિર્માણ દેવીશ્રી અહિલ્યાબાઈ હોલકરજી એ ૧૭૮૬માં કરાવ્યું હતું. મહેશ્વરના બધા શિવાલયોમાં સૌથી મોટું હિંદુ ધર્મ માટે ખૂબ જ ખાસ છે. આ મંદિર વારાણસીમાં સ્થિત છે.માન્યતા છેકે કાશી ભગવાન શિવના ત્રિશૂળ ઉપર ટકેલું છે. કાશી પુરાતન સમયથી જ અધ્યાત્મનું કેન્દ્ર રહ્યું છે.શિવ લિંગ મંદિરના ગર્ભગૃહમાં સ્થાપિત છે.કાશી વિશ્વનાશજ્યોતિર્લિંગઃ કાશી વિશ્વનાથ મંદિર ભગવાન શિવના બાર જ્યોતિર્લિંગમાંથી એક છે. આ મંદિર માન્યતાઃ કહેવાય છે કે મંદિરના ગર્ભગૃહમાં સ્થાપિત શિવલિંગ કાશીના મંદિર માં સ્થાપિત થવાનું હતું,પરંતુ સંયોગવશ મહેશ્વર પહોંચી ગયું. મહેશ્વર શિવલિંગ આવી જવાથી દેવીશ્રી તેની સ્થાપના કરી. મંદિર કાળા પત્થરો દ્વારા બનેલું છે. મંદિરનો સભા મંડપ અઢાર પત્થરો થી બનેલા થાંભલા ઉપર ટકેલો છે. સભા મંડપ પછી ગર્ભ ગૃહનો સંપૂર્ણ ભાગ પત્થરો દ્વારા બનેલો છે. અહિલ્યાબાઈ દર સોમવારે પાલખીમાં બેસીને ભગવાન કાશી વિશ્વનાથ મંદિર જઈને ભગવાનની પૂજા-અર્ચના અને અભિષેક કરતી હતી. સવાર અને સાંજના સમયે અર્ચન પછી નૈવેધમાં ચોખા અને દાળનો નૈવેધ ધરાવવામાં આવતો હતો.આજે પણ આ પ્રથા શરૂ છે. કાશીવિશ્વનાથ જયોર્તિલિંગને લઈ ને એક રસપ્રદ પૌરાણિક કથા પ્રચલિત છે.એકવાર ભગવાન વિષ્ણુ અને બ્રહ્માજી વચ્ચે વિવાદ થયો કે કોણ વધારે શક્તિશાળી છે આ વિવાદમાં મધ્યસ્થી બનવા માટે ભગવાન શિવજીએ વિશાળ જ્યોતિર્લિંગનું સ્વરૂપ ધારણ કર્યું હતું.શિવજીએ ભગવાન વિષ્ણુ અને બ્રહ્માજીને વિશાળ જ્યોતિર્લિંગનો સ્રોત અને ઊંચાઈની જાણકારી પ્રાપ્ત કરવા માટે કહ્યું. બ્રહ્માજી પોતાના હંસ ઉપર બેસીને શિવલિંગની ઊંચાઈ અંગે જાણ કારી મેળવવા આકાશ તરફ ઉડ્યાં વિષ્ણુજી શૂકરનું સ્વરૂપ ધારણ કરીને પૃથ્વીમાં ખોદકામ કરવા લાગ્યાં, જેથી તેના ઊંડાણ અંગે જાણકારી મળી શકે. બંને અનેક યુગો સુધી પણ તેના ઊંડાણ કે ઊંચાઈ અંગે જાણકારી પ્રાપ્ત કરી શક્યા નહીં.અંતે હાર માનીને વિષ્ણુજી શિવજી સામે નતમસ્તક થઈ ગયાં,પરંતુ બ્રહ્માજીએ અસત્યની મદદ લીધી અને કહ્યું કે તેમણે ઊંચાઈની જાણકારી મેળવી લીધી છે. આ અસત્ય માટે શિવજીએ ગુસ્સે થઈને બ્રહ્માજીને શ્રાપ આપ્યો કે તમારી કોઈપણ સ્થાને પૂજા થશે નહીં, એટલે બ્રહ્માજીના મંદિર કોઈ સ્થાને જોવા મળતાં નથી. ભગવાન શિવ ના ત્રિશૂળ પર ટકેલું છે કાશી એવું કહેવામાં આવે છે કે આ નગરને સાક્ષાત્ ભગવાન શિવે પોતાના તેજથી પ્રગટ કર્યું હતું.આ માટે આ નગરીને ભગવાન શિવનું જ સ્વરૂપ માનવામાં આવે છે. પ્રલયના સમયે આ નગરની રક્ષા કરવા માટે ભગવાન શિવે આ શહેરને પોતાના ત્રિશૂળ પર ટકાવીને રાખ્યું હતું. કાશીને માનવામાં આવે છે પંચકોસી કાશીને ભગવાન શિવનું સૌથી પ્રિય નગર માનવામાં આવે છે.એવું કહેવામાં આવે છે કે અહીં સાક્ષાત્ ભગવાન શિવ નિવાસ કરે છે. તો આવા જ કારણે જ અને આમાં પણ બનારસી એટલે તો મંદિરોનું જ નગર જ્યાં ઈ.૧૭૫૫ માં ઔધના પંત પ્રતિનિધિએ બિંદુ માધવના પ્રાચીન મંદિરોનું સમાર કામ કરાવેલું.એ પછી ઈ.૧૭૮૫ માં કાશીરાજ મંસારામ અને એમના ચિરંજીવી બલવંતસિંહે વારાણસીમાં ઘણા મંદિરો બંધાવેલા.ત્યાં ઈ. ૧૮૫૨માં શ્રીમંત બાજીરાવ પેશવો કાળ ભૈરવનું મંદિર નિર્માણ કરેલું. આ વારાણસીમાં શ્રી વિશ્વેશ્વર જ્યોર્તિ લિંગ પણ અસ્તિત્વ ધરાવે છે. ભારતના ટોચના દ્વાદશ એટલે કે બાર જ્યોર્તિલિંગમાં ઉત્તરપ્રદેશ ના કાશી અર્થાત વારાણસીમાં એક માત્ર જ્યોર્તિલિંગ આવેલું છે.

આ ભારતનું એક અત્યંત પ્રાચીન તીર્થ સ્થળ છે જ્યાં ગંગા વહે છે. અહીં વારૂણી અને એંશી નદીઓનું ગંગાજીમાં મિલનનું સંગમ સ્થળ હોવાથી આ તીર્થ ભૂમિને વારાણસી તરીકે પ્રસિધ્ધિ મળી છે.

વળી અહીં પ્રાચીન કાળમાં કાશ જાતિના લોકો રહેતા હોવાને કારણે આને કાશી નગરી તરીકે પણ પ્રસિધ્ધિ મળી જ છે. ઉપરાંત અહીંયા પૂર્વના વર્ષોમાં બનાર નામ નો રાજા થઈ ગયેલો, જેના કારણે બનારસી નામ પણ આ નગરને મળ્યું.શાસક બનારે આ તીર્થ સ્થળનું સમૃધ્ધિમાં રૂપાંતર કરેલું. એટલે કાળાંતરે એક જ નગરીને વારાણસી,કાશી અને એ પછી બનારસ નામ મળ્યું.કાશી પાસે ગંગા નદીએ ધનુષ જેવો આકાર ધારણ કર્યો છે. આથી સ્વાભાવિક છે કે જેને ગંગાનો સાથ ને સ્પર્શ મળ્યો.તે પુણ્યભૂમિને કોણ ના સ્મરે ? આથી કાળાંતરે કોઈક દિવ્યદાસ નામના એક મહાન રાજાએ પણ આ પવિત્ર ક્ષેત્રનો વિસ્તાર કર્યો અને સમૃદ્ધિનો વૈભવ પણ એણે અત્યંત શુભ ભાવનાથી અભિવૃધ્ધ કર્યો. જ્યોતિર્લિંગની ઉદ્ભવનગરી કાશીને વારાણસી,અવિમુક્તક્ષેત્ર, આનંદકાનન,મહાસ્મશાન, રૂદ્રાવાસ,કાશીકા,તપસ્થતી, મુક્ત ભૂમિ,શિવપુરી,ત્રિપુરારી રાજ નગરી, આમ દ્વાદશનામથી પણ પુરાણોમાં વર્ણવી છે.

કાશીમાં જે લિંગ છે તે અવિમુક્ત શ્વર લિંગ તરીકે ખ્યાતનામ છે.

કાશીમાં જ્યોર્તિલિંગના સ્થળે મંદિરો પણ થયા.કાશીની ઓજ સ્વિતા તો વેદકાળથી જ ચાલી આવી છે. ખાસ કરીને મરાઠાઓ, જૈન અને બૌદ્ધ ધર્મીઓએ કાશી ના વૈભવને કેમ વધારે સમૃધ્ધિ મળે એ પ્રકારના સક્રિય શુભકાર્યો પણ થયા જ.કાશીને પંચકોસી એટલે કલ્યાણ દાયિની,કર્મ બંધન નો નાશ કરનારી શાનદાયિની અને મોક્ષ પ્રદાન કરનારી માનવામાં આવે છે. પ્રિય વાચક ચાહક શિવ ભક્તો,સદા શિવ ભોળાનાથ શંભુ દેવાધિદેવ મહાદેવ સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

# એક પણ વાળ સફેદ નહીં રહે



ભાગદોડ ભરી જીંદગીમાં અનેક લોકો પોતાના વાળની કેર પ્રોપર રીતે કરી શકતા નથી. આ કારણે અનેક લોકોના વાળ સફેદ થતી જતા હોય છે. સફેદ વાળને કાળા કરવા માટે નારિયેળ તેલમાં આ બે વસ્તુ મિક્સ કરીને લગાવો. ફાસ્ટ લાઈફ સ્ટાઈલની અસર હેલ્થ, સ્કિન અને વાળ પર થતી હોય છે. આમ, વાત કરવામાં આવે તો મોટાભાગના લોકોના વાળ સફેદ થઈ રહ્યા છે. સફેદ વાળ તમારી પર્સનાલિટી ખરાબ કરવાનું કામ કરે છે. સફેદ વાળને કાળા કરવા માટે લોકો જાતજાતના નુસખાઓ અજમાવતા હોય છે. પરંતુ તમે નારિયેળ તેલમાં આંમળા અને મહેંદી મિક્સ કરીને વાળમાં લગાવો છો તો હેર બ્લેક થાય છે. હેર બ્લેક કરવા માટે આ એક બેસ્ટ ઓપ્શન છે. તો જાણો કેવી રીતે વાળમાં એપ્લાય કરશો. આ માટે એક બાઉલ લો અને એમાં મહેંદી નાખો. આ મહેંદીમાં નારિયેલ તેલ અને આંમળાનો પાવડર મિક્સ કરો. પછી મહેંદીમાં જરૂર પાણી નાખો અને મિક્સ કરી લો. ત્યારબાદ આ બધી વસ્તુને બરાબર મિક્સ કરીને એક કલાક માટે રહેવા દો. ત્યારબાદ વાળમાં મહેંદી એપ્લાય કરો. આ મહેંદીને વાળમાં એક કલાક માટે રહેવા દો અને પછી હેર વોશ કરી લો. હવે વાળને નોર્મલ શેમ્પૂથી હેર વોશ કરી લો. ખાસ ધ્યાન એ રાખો કે હેર વોશ કર્યા પછી કન્ડિશનર કરવાનું નથી. ત્યારબાદ બીજા દિવસે વાળમાં તેલ નાખો અને બે દિવસ પછી હેર વોશ કરી લો. આમ, તમે આ રીતે મહેંદી વાળમાં રેગ્યુલર લગાવશો તો હેર બ્લેક થઈ જશે. વ્હાઈટ હેર બ્લેક કરવા માટે આ રીતે વાળમાં મહેંદી નાખવાનું શરૂ કરી દો. આ એક બેસ્ટ ઉપાય છે. આંમળાનો પાવડર તમારા વાળને સિલ્કી કરવાનું કામ કરે છે. આંમળામાં રહેલા ગુણો તમારા વાળમાં શાઈન લાવવાનું કામ કરે છે. આંમળાનો પાવડર અને મહેંદી આ બન્ને વસ્તુથી વાળ કાળા થાય છે અને સાથે શાઈન પણ આવે છે. આ એક બેસ્ટ ઉપાય છે. નારિયેળ તેલ તમારા વાળનો ગ્રોથ વધારવામાં મદદ કરે છે. આમ, તમે નારિયેળ તેલમાં મહેંદી અને આંમળાનો પાવડર નાખીને વાળમાં નાખો છો તો વ્હાઈટ હેર બ્લેક થઈ જશે અને વાળમાં મસ્ત શાઈન પણ આવે છે.

# મંગળવારના વ્રતના ફાયદા જાણી ચોકી જશો, મદદ કરવા હનુમાનજી પોતે દોડી આવેશે

મંગળવારનો દિવસ બજરંગબલીને સમર્પિત છે. માન્યતા છે કે મંગળવારના દિવસે હનુમાનજીની સાચા મનથી પૂજા કરવાથી ક્યારે પણ નિરાશા થતી નથી અને ભક્તોની મદદ કરવા પોતે દોડી આવે છે. હિન્દુ પંચાંગ અનુસાર મંગળવારનો દિવસ બજરંગબલીને સમર્પિત છે. પ્રભુ શ્રી રામે હનુમાનજી ચિરંજીવી હોવાનું વરદાન આપ્યું હતું. માટે તેઓ હાલ પણ ધરતી પર હાજર છે. માન્યતા છે કે મંગળવારના દિવસે હનુમાનજીની સાચા મનથી પૂજા કરવાથી ક્યારે પણ નિરાશા થતી નથી અને ભક્તોની મદદ કરવા પોતે દોડી આવે છે. મંગળદોષથી મુક્તિ મેળવવા માટે પણ આ વ્રત લાભકારી માનવામાં આવે છે. આઓ જાણીએ મંગળવારની પૂજા વિધિ અને વ્રત કરવાના ફાયદા, જ્યોતિષ શાસ્ત્રના નિષ્ણાતો કહે છે કે આ વ્રત કોઈપણ મહિનાના શુક્લ પક્ષના પ્રથમ મંગળવારથી શરૂ કરવું જોઈએ, ખાસ કરીને જ્યેષ્ઠ મહિનાના શુક્લ પક્ષમાં આવતા મંગળવારનું વિશેષ મહત્વ છે, કારણ કે આ મહિનાના મંગળવારે શ્રીરામ અને હનુમાનનું પ્રથમ વખત મિલન થયું હતું. ત્યાં એક સભા હતી, જેને બડામંગળ કહેવામાં આવે છે. વ્રત કરતી વખતે આ વાતનું ધ્યાન રાખો, ૨૧ કે ૪૫ મંગળવારના ઉપવાસ કરવા શુભ માનવામાં આવે છે.



દર મંગળવારે સૂર્યોદય પહેલા સ્નાન કરો અને લાલ વસ્ત્રો પહેરો અને હનુમાનજીના વ્રતની પ્રતિજ્ઞા લો. ઘરના ઉત્તર-પૂર્વ ખૂણામાં હનુમાનજીના આસન માટે એક ચોકી બનાવો, તેના પર હનુમાનજીની મૂર્તિ અથવા ચિત્ર સ્થાપિત કરો. તમે હનુમાન મંદિરમાં જઈને પણ પૂજા કરી શકો છો. હનુમાનજીની પૂજા માટે સિંદૂરમાં ચમેલીનું તેલ મિક્સ કરો અને તેની સાથે લાલ વસ્ત્રો અર્પણ કરો, લાલ રંગના ફૂલ, કપડાં, નારિયેળ, ગોળ, ચણા, સોપારી અર્પિત કરો.


સીતા-રામનું સ્મરણ કરીને હનુમાનજીને લાડુ, બૂંદી, ચણા, ઈમરાતી, ચણાનો લોટ ચઢાવો. બજરંગ બલીને આ બધી વસ્તુઓ પ્રિય છે. બજરંગ બલી તેનાથી ખુશ થાય છે. હનુમાન ચાલીસાની સાથે સુંદરકાંડનો પાઠ કરો અને હનુમાન આરતી પણ કરો. હનુમાનજીને પ્રસન્ન કરવા માટે દર મંગળવારે ગોળ, નારિયેળ, દાળ, લાલ કપડું, લાલ ચંદન, જમીન જરૂરિયાતમંદોને દાન કરો. મંગળવારે સાંજે ફરીથી હનુમાનજીનું સ્મરણ કરીને જ ઉપવાસ તોડો. ધાર્મિક ગ્રંથો અનુસાર શનિદેવ અને હનુમાનજીને સારા મિત્ર માનવામાં આવે છે. એટલા માટે મંગળવારનું વ્રત શનિની પીડામાંથી મુક્તિ મેળવવા માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. તેના મહિમાના કારણે ભક્તોને સાધેસાતિ અને ધ્યાયની આડઅસરથી રાહત મળે છે.

મંગળવારના વ્રતથી મંગળ દોષને કારણે લગ્નમાં આવતી અડચણો પણ દૂર કરે છે, આ સાથે જો સંતાનના જન્મમાં અવરોધ હોય કે લગ્નમાં વિલંબ થતો હોય તો મંગળવારનું વ્રત કરવાથી સમસ્યા દૂર થાય છે.મંગળવારના વ્રતથી શારીરિક અને માનસિક સંતુલન જળવાઈ રહે છે. લોહી સંબંધિત સમસ્યાઓ દૂર થાય છે, તમને ગુસ્સા પર નિયંત્રણ રાખવાની શક્તિ મળે છે. તમામ કષ્ટોનો નાશ થાય છે.

# શરીર પર થતા મસા દૂર કરવા માટેના ઘરેલુ ઉપાયો

મસા જ્યારે ચહેરા અને હાથ પર થાય ત્યારે ખરાબ લાગે છે. આ માટે મસાને દૂર કરવા ખૂબ જરૂરી છે. મસાને તમે સરળતાથી ઘરમાં પડેલી વસ્તુથી દૂર કરી શકો છો.

શરીરના કોઈ પણ અંગમાં મસા થતા હોય છે. મસા થાય ત્યારે દુખાવો અને બળતરા થતી હોતી નથી. પરંતુ મસા જ્યારે ચહેરા પર થાય ત્યારે લુક ખરાબ કરીને મુકી દે છે. ઘણી વાર મસા ગરદન અને હાથ પર પણ થતા હોય છે, જે દેખાવમાં ખરાબ લાગે છે. આ મસા દૂર કરવા માટે બજારમાં જાતજાતની દવાઓ મળતી હોય છે. આ



સાથે મસા દૂર કરવા માટે અનેક લોકો ટ્રીટમેન્ટ પણ લેતા હોય છે. પરંતુ આજે અમે તમને મસા દૂર કરવા માટેના ઘરેલુ ઉપાયો વિશે જણાવીશું જેની મદદથી તમે સરળતાથી મસાને દૂર કરી શકશો. મસા દૂર કરવા માટે ડુંગળીનો રસ સૌથી બેસ્ટ છે. આ માટે ડુંગળીના કટકા કરી લો અને મિક્સરમાં રસ કાઢી લો. પછી આ રસને ગાળી લો. ત્યારબાદ આ રસ તમે સવારમાં અને સાંજે એમ દરરોજ મસા પર લગાવો. આમ કરવાથી થોડા દિવસોમાં મસા સુકાઈને દૂર થઈ જશે.

ફ્લોસને મસા પર બાંધવાથી થોડા દિવસોમાં નિકળી જાય છે. ફ્લોસ બાંધવાથી મસા સુધી પહોંચતુ નથી જેના કારણે મસા સુકાઈને ખરી જાય છે.

# ટેકનોલોજી આપણા માટે એક વરદાન બનશે કે શ્રાપ?



હાલના સમયમાં ૯૦ ટકા અથવા વધુ માણસો તેમની શારીરિક અને બૌદ્ધિક ક્ષમતાઓ વડે જીવે છે. પણ તે બધું જે તમે કરી શકો છો, ભવિષ્યમાં એક મશીન કરશે. તે કંઇ પણ જે સ્મૃતિના સંગ્રહ વડે, સ્મૃતિ સુધી પહોંચ વડે, સ્મૃતિના વિશ્લેષણ અને સ્મૃતિની અભિવ્યક્તિ દ્વારા બનાવી શકાય છે; તે બધું જ જે તમે તમારી બુદ્ધિ દ્વારા કરી રહ્યા છો; એમ વિચારીને કે એ તમે છો, તે અમુક સમયમાં એક મશીન દ્વારા કરવામાં આવશે.એક વખત મશીન આ કરવા લાગે, તો તમારી માટે તમે જે છો, એના વધુ ઊંડા પરિમાણોની શોધ કરવું અનિવાર્ય થઈ જશે. અને તે એક અનેરો દિવસ હશે, કેમ કે તેનો અર્થ છે કે આપણે રજા પર છીએ. આપણે રોજગાર માટે કામ નહીં કરીએ. પછી આપણે જીવનને એક સાવ અલગ રીતે જોઈ શકીએ છીએ. જેને તમે તમારું શરીર અને તમારું મન કહો છો, તે સ્મૃતિનો એક ચોક્કસ સંગ્રહ છે. એ સ્મૃતિ જ છે જેનાથી તમે જે પણ છો, એ બન્યા છો. ઉદાહરણ તરીકે, જો એક પુરુષ બ્રેડનો એક ટુકડો ખાય, તો બ્રેડ એક પુરુષ બની જાય છે. જો એક સ્ત્રી તેને ખાય, તો તે એક સ્ત્રી બની જાય છે. જો તે જ બ્રેડ એક કુતરો ખાય, તો તે એક કુતરો બની જાય છે. આ બ્રેડનો એક બુદ્ધિમાન ટુકડો છે! આ બ્રેડના કારણે નથી; આ શરીરની સ્મૃતિ છે જે બ્રેડના ટુકડાને એક પુરુષ, સ્ત્રી અથવા કુતરામાં રૂપાંતરિત કરી દે છે. તમારા શરીરની રચના પણ સ્મૃતિનું એક ચોક્કસ પરિમાણ છે. સ્મૃતિ એક ચોક્કસ સીમા પણ છે. પણ બુદ્ધિમત્તાનું એક પરિમાણ છે જેને આપણે ચિત્ત કહીએ છીએ, અથવા આધુનિક ભાષામાં, તેને કદાચ કોન્શિયસનેસ કહી શકાય. બુદ્ધિમત્તાના આ પરિમાણમાં કોઈ સ્મૃતિ રહેલી નથી. જ્યાં કોઈ સ્મૃતિ નથી, તેને કોઈ સીમાઓ પણ નથી. માનવ બુદ્ધિ એક દ્વીપ છે. ટેકનોલોજી સહીત, માનવ બુદ્ધિના બધાં જ ઉત્પાદનો નાના દ્વીપ જેવા છે. ચેતના એ સાગર છે જેમાં આપણું અસ્તિત્વ છે. ચેતના એ બુદ્ધિમત્તા છે, જે કોઈ સ્મૃતિ સાથે અથવા તમારું અને મારું, આ અને પેલું, જેવી કોઈ સીમા સાથે ઓળખાયેલી નથી. આ બુદ્ધિમત્તાનું એ પરિમાણ છે જેની કોઈ સીમાઓ નથી.જેમ જેમ આપણી ટેકનોલોજીની ક્ષમતા વધે છે તેમ, આપણે આ માટે પણ પ્રયત્ન કરવો જોઈએ કે મનુષ્યો વિકસિત થઈને તેમની બુદ્ધિની સીમાઓથી આગળ વધી શકે, અને બુદ્ધિમત્તાના એક વધું ઊંડા પરિમાણ તરફ જઈ શકે.

BOLLYWOOD NEWS FLASH

## જો કે ગોવિંદા અને કરિશ્મા વચ્ચે સંબંધોમાં કોઇ ખટાશ આવી ન હતી અને કોઇ વાતને લઇને મનદુખ પણ થયું ન હતું



# કરિશ્મા કપૂર ગોવિંદાથી દૂર થતાં જ ખુલી કિસ્મત

। મુંબઈ, તા.૯ ।


૯૦ના દશકમાં કરિશ્મા કપૂરનું નામ બોલિવૂડની ટોપ એક્ટ્રેસીસની લિસ્ટમાં સામેલ હતું. આ સમયમાં કરિશ્માનો એવો જલવો હતો કે દર્શકો તેની ફિલ્મની આતુરતાથી રાહ જોતા હતાં. એક સમયે ગોવિંદા સાથે કરિશ્માની જોડી તો બોલિવૂડની નંબર વન જોડી બની ગઈ હતી. આ જોડીએ બોક્સ ઓફિસ પર ઢગલાબંધ સુપરહિટ ફિલ્મો પણ આપી, પરંતુ એવું કંઈક બન્યું કે આ જોડી ત્યારે તૂટી જ્યારે તેની સૌથી વધુ ડિમાન્ડ હતી. રાજા બાબૂ, સાજન ચલે સસુરાલ, જેવી અનેક સુપરહિટ ફિલ્મો આપનાર આ જોડીના પ્રોજેક્ટની દર્શકો આતુરતાથી રાહ જોતા હતાં. ગોવિંદાની સાથે કરિશ્માની ફિલ્મો ખૂબ જ સારી ચાલી રહી હતી, તેની કરિયર પણ બુલંદીઓ પર પહોંચી ગયું હતું, પછી અચાનક કરિશ્માએ ગોવિંદા સાથે ફિલ્મો કરવાથી ઈનકાર કરી દીધો, જે બધા માટે ખૂબ જ ચોંકાવનારી વાત હતી, પરંતુ તેની પાછળ અસલ કારણ શું હતું? ચાલો તમને જણાવીએ. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગોવિંદા સાથે સુપરહિટ ફિલ્મો આપવા છતાં કરિશ્મા પોતાની સક્સેસથી ખુશ ન હતી. ખરેખર, કરિશ્માને જે ઓળખની તલાશ હતી, તે તેને મળતી ન હતી. આ સમયે જે સ્ટારડમ જૂહી ચાવલા, રવીન ટંડનનું હતું, તેવું સ્ટારડમ કરિશ્માને મળી ન શક્યુ. તે પછી કરિશ્મા કપૂરે એક મોટો નિર્ણય લીધો અને તેના આ નિર્ણય પછી તેનુ સપનુ પુરુ પણ થયું. ખરેખર, તે દરમિયાન કરિશ્મા કપૂરે મસાલા ટાઈપ ફિલ્મો ન કરવાનો પણ નિર્ણય લીધો હતો અને આ જ કારણે તેણે ગોવિંદાથી અંતર જાળવી લીધું હતું અને આ જોડી ૯૦ના દશકના અંત સુધીમાં તૂટી ગઈ હતી.

## પહેલી જ ફિલ્મથી મચાવ્યો તહેલકો, ઋતિક રોશને પોતાની પહેલી જ ફિલ્મ કહો ના પ્યાર હેથી ધૂમ મચાવી દીધી હતી

# બોલિવુડ અભિનેતા ઋતિક રોશનને કામના છે ફાંફા

। મુંબઈ, તા.૯ ।

ઋતિક રોશને વર્ષ ૨૦૦૦માં પોતાની પહેલી જ ફિલ્મ ‘કહો ના પ્યાર હૈ’થી ધૂમ મચાવી દીધી હતી. આ ફિલ્મ ૪૪ કરોડ રૂપિયાની કમાણી સાથે બ્લોકબસ્ટર રહી હતી. પોતાની ડેબ્યૂ ફિલ્મથી રાતોરાત સ્ટાર બનેલા ઋતિક રોશનની કિસ્મત પલ્ટી મારી ગઈ છે. ઋતિક રોશનની ગયા વર્ષે રિલીઝ થયેલી ફિલ્મ વિક્રમ વેધા પણ બોક્સ ઓફિસ પર ઉંધે માથે પટકાઈ હતી.



૧૫૦ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે ફક્ત ૯૩ કરોડની કમાણી કરી હતી. આ ફિલ્મ ફ્લોપ થયા બાદ હવે ઋતિક રોશન કામ માટે ફાંફા મારી રહ્યો છે. પાછલા કેટલાંક સમયથી તેની કોઈપણ અપકમિંગ ફિલ્મની અનાઉન્સમેન્ટ થઈ નથી. પહેલી જ ફિલ્મથી મચાવ્યો તહેલકો: ઋતિક રોશને પોતાની પહેલી જ ફિલ્મ ‘કહો ના પ્યાર હૈ’થી ધૂમ મચાવી દીધી હતી. આ ફિલ્મ સુપરહિટ થયા બાદ ઋતિક રોશને અન્ય બે બ્લોકબસ્ટર ફિલ્મો આપી હતી. ૨૦૦૦માં જ રિલીઝ થયેલી ફિલ્મ ફિઝાએ પણ બોક્સ ઓફિસ પર સારુ પ્રદર્શન કર્યુ હતું અને ૧૪ કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

# ફૂકરે ગેંગ અને ભોલી પંજાબને ફરી મચાવી ધૂમ

। મુંબઈ, તા.૯ ।

મંગળવારે ફૂકરે-૩નું ટ્રેલર રિલીઝ કરી દેવામાં આવ્યું છે અને આ ટ્રેલર લોકોને ખૂબ જ પસંદ આવી રહ્યું છે. પુલકિત સમ્રાટ, રિચા ચઢ્ઢા અને પંકજ ત્રિપાઠી સ્ટાર આ ફિલ્મ ૨૮ સપ્ટેમ્બરે દેશભરના સિનેમાઘરોમાં સિલીઝ કરવામાં આવશે. આ પહેલાં સોમવારે ફૂકરે-૩નું પોસ્ટર જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારે આ ફિલ્મ પણ હિટ રહેશે તેવી આગાહી કરવામાં આવી છે. ફુકરે-૩ના ટ્રેલરમાં જોઈ શકાય છે કે ભોલી પંજાબન અને ફુકરા ગેંગ ફરીથી આમને-સામને આવી ગઈ છે. દર્શકો પણ આ ફિલ્મને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. મનદીપ સિંહ લાંબા દ્વારા નિર્દેશિત આ કોમેડી ફિલ્મ ફુકરે ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ છે. અગાઉ ફિલ્મના ૨ પાર્ટ રિલીઝ થઈ ચૂક્યા છે, આ બંને ફિલ્મોએ બોક્સ ઓફિસ પર શાનદાર પ્રદર્શન કર્યું હતું. જણાવી દઈએ કે, વર્ષ ૨૦૧૩માં ફુકરે ફિલ્મ રિલીઝ થઈ હતી. આ ફિલ્મ માત્ર ૧૯ કરોડ રૂપિયાના બજેટમાં બનાવાઈ હતી. જેમાં કોઈ મોટા સુપરસ્ટારને કાસ્ટ કરવામાં આવ્યા ન હતો. તેમ છતાં ફુકરેએ બોક્સ ઓફિસ પર ધમાકેદાર કમાણી કરી. ૧૯ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે વિશ્વભરમાં ૫૦ કરોડથી વધુની કમાણી કરી હતી. પ્રથા ફિલ્મની સફળતાને ધ્યાનમાં રાખીને ફિલ્મના ડિરેક્ટર મૃગદીપ સિંહ લાંબાએ તેનો બીજો ભાગ બનાવીને ૨૦૧૭માં રિલીઝ કરવામાં આવ્યો હતો. આ ભાગ પણ બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થયો હતો. ૨૯ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે વિશ્વભરમાં ૧૧૨ કરોડથી વધુની કમાણી કરી હતી.

## ક્વીન અને સુપર ૩૦ જેવી ફિલ્મો ડાયરેક્ટ કરી ચૂકેલા વિકાસ બહેલે આ ફિલ્મની નિર્દેશનની કમાન સંભાળી છે

# ૮ માર્ચ ૨૦૨૪ના રોજ રિલીઝ થશે વશની હિન્દી રિમેક

। મુંબઈ, તા.૯ ।

ગુજરાતી સુપરનેચરલ થ્રિલર ફિલ્મ વશની હિન્દી રિમેકમાં અજય દેવગણ અને આર. માધવન જોવા મળશે. આ સમાચાર આવ્યા બાદ ફિલ્મનું શૂટિંગ લગભગ પૂરું થવાના આરે હોવાના અહેવાલ પણ હતા. હવે ફિલ્મની રિલીઝ ડેટ સામે આવી ગઈ છે. આજે જન્માષ્ટમીના તહેવારે મેકર્સે રિલીઝ ડેટની જાહેરાત કરી છે.



૮ માર્ચ ૨૦૨૪ના રોજ ગુજરાતી ફિલ્મ ‘વશ’ની હિન્દી રિમેક રિલીઝ થશે. જોકે, ફિલ્મના મેકર્સે હજી સુધી તેનું ટાઈટલ નક્કી નથી કર્યું. જણાવી દઈએ કે, ફિલ્મના મેકર્સ કુમાર મંગત અને અભિષેક પાઠકે આ ફિલ્મમાં અજય દેવગણ અને આર. માધવન ઉપરાંત જ્યોતિકાને પણ લીધી છે. ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની જાણીતી એક્ટ્રેસ જાનકી બોડીવાલા પણ ‘વશ’ની હિન્દી રિમેકથી બોલિવુડમાં ડેબ્યૂ કરવાની છે. ગુજરાતી ફિલ્મ ‘વશ’માં પણ જાનકી બોડીવાલા લીડ રોલમાં હતી. હિન્દી ફિલ્મમાં પણ તે એ જ પાત્ર ભજવશે. ‘ક્વીન’ અને ‘સુપર ૩૦’ જેવી ફિલ્મો ડાયરેક્ટ કરી ચૂકેલા વિકાસ બહેલે આ ફિલ્મની નિર્દેશનની કમાન સંભાળી છે.

# 300 કરોડની જવાન શાહરુખની સૌથી મોટી સાઉથ ફિલ્મ?

## બ્લોકબસ્ટર બનેલી ફિલ્મોમાં સાઉથ સ્ટાર્સે મચાવી ધમાલ વર્ષ ૨૦૧૧માં તે સુપરસ્ટાર રજનીકાંત સાથે રા વનમાં જોવા મળ્યો હતો પરંતુ રિલીઝ આ ફિલ્મ ફ્લોપ રહી હતી

। મુંબઈ, તા.૯ ।

શાહરૂખ ખાન એક બોલિવૂડ સ્ટાર છે, જેનો સાઉથમાં પણ ઘણો મોટો ચાહક વર્ગ છે અને ત્યાંના લોકો પણ તેને પુજતા હોય છે. મણિરત્નમની ‘દિલ સે’ અને એઆર રહેમાનની મ્યુઝિક વિડિયો ‘છૈયા છૈયા’ (તમિલમાં થૈયા થૈયા) શાહરૂખને એક અલગ સ્તર પર લઈ ગયા. તમને જણાવી દઈએ કે, વર્ષ ૨૦૦૦માં શાહરૂખને કમલ હાસનની સર્વશ્રેષ્ઠ ફિલ્મ ‘હે રામ‘માં કાસ્ટ કરવામાં આવ્યો હતો, જેમાં તેણે અમજદ અલી ખાનનો રોલ કર્યો હતો. કમલ હાસને ખુલાસો કર્યો હતો કે, શાહરૂખે આ



ફિલ્મ ફ્રીમાં કરી હતી. જ્યારે વર્ષ ૨૦૧૧માં તે સુપરસ્ટાર રજનીકાંત સાથે રા વનમાં જોવા મળ્યો હતો પરંતુ રિલીઝ આ ફિલ્મ ફ્લોપ રહી હતી. બે વર્ષ પછી, ૨૦૧૩ માં, તેણે’ચેન્નઈ એક્સપ્રેસ‘ માં કામ કર્યું, જેમાં તેણે ફરી એકવાર રજનીકાંતને એક ખાસ ડાન્સ સોન્ગ, ‘લુંગી ડાન્સ‘ સાથે સમર્પિત કર્યું. જોકે, ગીત અને ફિલ્મની સ્ટીરિયોટાઈપિંગ તમિલિયનો માટે ટીકા કરવામાં આવી હતી, પરંતુ ફિલ્મ અને ગીત સુપરહિટ બન્યા હતા. કિંગ ખાન માટે પણ આ ફિલ્મ શાનદાર સાબિત થઈ હતી. આ પછી, શાહરૂખ ખાને વર્ષો સુધી એક પણ દક્ષિણ ભારતીય ફિલ્મ કરી ન હતી, પરંતુ તેની તાજેતરમાં રિલીઝ થયેલી ‘ત્નછઉછદ્ગ’ એક સેમી-તમિલ ફિલ્મ છે, જેનો શ્રેય તમિલ નિર્દેશક એટલી સાથેના તેમના ખાસ સબંધને જાય છે. એવુ જાણવા મળ્યું છે કે, એટલી જવાનના દિગ્દર્શક છે અને તે માત્ર સાઉથની ફિલ્મોમાં જ સક્રિય છે. જવાનમાં સ્પષ્ટપણે સાઉથનો ટચ છે, જે ટ્રેલરમાંથી જ દેખાઈ ગયો હતો. જાવાન અને તમિલ કાસ્ટ એન્ડ ક્રૂ: ‘જવાન’માં મુખ્ય ભૂમિકા ભજવવા ઉપરાંત શાહરૂખ ખાને નિર્માતા તરીકે પણ કામ કર્યું હતું. એક નિર્માતા તરીકે, શાહરૂખે લગભગ તમામ તમિલ કલાકારો અને ક્રૂ સાથે જવાનું નક્કી કર્યું અને તેની શાણપણ સાચી સાબિત થઈ. એટલી, એક તમિલ નિર્દેશક હોવાને કારણે, ચારમાંથી ચાર હિટ ફિલ્મોના ટ્રેક રેકોર્ડ માટે જાણીતા છે.

### માટી ખાતરની નીચે આઇસર ગાડીમાં સંતાડી લઈ જતો દારૂનો જંગી જથ્થો પોલિસની સતર્કતાથી ઝડપાયો

# ઝાલોદ તાલુકાના ધાવડીયા ચેક પોસ્ટ પરથી પોલિસ ચેકિંગ દરમ્યાન જંગી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

### અંદાજીત ૨૯૭ વિદેશી દારૂની પેટીનો કુલ ૨૬,૯૩,૮૭૫ રૂપિયાના મુદ્દામાલ સાથે ડ્રાઇવરની અટકાયત કરાઈ

। પંકજ પંડિત ઝાલોદ, તા.૯ ।

ઝાલોદ તાલુકાના ધાવડીયા ચેક પોસ્ટ પર પોલીસ વાહન ચેકીંગમાં હતી તે દરમ્યાન એક રાજસ્થાન તરફ થી સફેદ કલરની આઇસર જેનો નંબર **MH-05-EL-8360** ગુજરાતમાં પ્રવેશી રહી હતી ત્યારે પોલિસ દ્વારા ગાડી ઉભી રાખી ચેકિંગ કરાતા પોલિસ ચોંકી ઉઠી હતી. પોલિસ દ્વારા ચેકિંગ કરાતા આઈસર ગાડીની ઉપર પ્લાસ્ટિક ઢાંકેલુ જોવા મળેલ હતું. પોલિસ દ્વારા પ્લાસ્ટિક હટાવાતા માટી જેવુ ખાતર આઈસરમાં ભરેલું જોવા મળેલ હતું. પોલીસને વધુ શંકા જતાં આઈસર ગાડીમાં ભરેલ ખાતરની થેલી ઉંચી નીચી કરાતા વિદેશી દારૂનો જંગી જથ્થો જોવા મળ્યો. પોલીસ દ્વારા ડ્રાઈવરની અટકાયત કરાઈ અને આઈસર ગાડી પોલિસ સ્ટેશનમાં લઈ જવામાં આવેલ.






પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું કે ગાડી હરિયાણા થી વિદેશી દારૂ ભરીને આવી રહેલ છે. પોલીસ દ્વારા ગાડીની ઝડપથી ખાલી કરાતા ખાતરની થેલીની નીચે સંતાડી રાખેલ અંદાજીત ૨૯૭ પેટી પકડી પાડવામાં આવેલ હતી. આ ૨૯૭ પેટી વિદેશી દારૂની કિંમત અંદાજીત ૧૬,૮૮,૮૭૫ રુપિયા, મોબાઈલની કીમત ૫૦૦૦ રૂપિયા અને આઈસર ગાડીની કિંમત ૧૦,૦૦,૦૦૦ રૂપિયા થઈ ટોટલ ૨૬,૯૩,૮૭૫ રૂપિયાનો જંગી મુદ્દામાલ ઝડપી પાડવામાં આવેલ હતો. પોલિસ દ્વારા ડ્રાઈવરની અટકાયત કરી અન્ય બે વ્યક્તિ પર કાયદેસરની ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. આમ ઝાલોદ પોલીસ દ્વારા ડી.વાય.એસ.પી પટેલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ રાઠવાની આગેવાની અને અન્ય પોલીસ કર્મીઓના સાથ થકી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે.

# ઝાલોદ તાલુકાની યુવતીના ન્યૂડ ફોટા સોશિયલ મીડિયામાં અપલોડ કરી યુવતીની છબી બગાડવાનો પ્રયાસ કરતો યુવક

પંકજ પંડિત

। ઝાલોદ, તા.૯ ।

ઝાલોદ તાલુકાની એક યુવતી રત્નાબેન (નામ બદલેલ છે) જે હાલ અન્ય શહેરમાં ભણવા ગયેલ છે તે યુવતીની પ્રતિષ્ઠા ખરાબ કરવાના આશયથી એક યુવક પંકજ ડામોર દ્વારા ઈન્સ્ટાગ્રામ પર યુવતીની ફેક આઈ.ડી બનાવી તેમજ વોટ્સઅપ પર ગ્રુપ માં ન્યૂડ ફોટા મૂકેલ હતા. આ અંગે રત્નાબેન દ્વારા ન્યૂડ ફોટા મૂકનાર યુવક પંકજ ડામોર પર આજરોજ તારીખ ૦૮-૦૯-૨૦૨૩ ના રોજ કાયદેસરની ફરિયાદ ઝાલોદ પોલિસ સ્ટેશનમાં કરવામાં આવેલ છે.

બનાવની વિગત અનુસાર ઝાલોદ તાલુ-કાની યુવતી રત્નાબેન ( નામ બદલેલ છે )પર તેની બહેન પણીનો ફોન આયો કે તું ઈન્સ્ટાગ્રામ પર કેવા ગંદા ફોટા મુકેલ છે ત્યારે યુવતીએ કહ્યું કે મેં કોઈ પણ ફોટા ઈન્સ્ટાગ્રામ પર મુકેલ નથી ત્યાર બાદ તેની બહેનપણીએ તે યુવતીને ઈન્સ્ટા આઈ.ડી આપી તો તે આઈ.ડી તે યુવતીના નામની બનેલ હતી અને તે આઈ.ડી પર તે યુવતીના અઢાર જેટલા ન્યૂડ ફોટા અપલોડ કરેલ હતા ઈન્સ્ટાગ્રામ પર યુવતીની કોઈએ ફેક આઈ.ડી બનાવી તેને બદનામ કરી છબી ખરાબ કરતો હોવાનું માલુમ પડતાં યુવતિ દ્વારા તાત્કાલિક સાયબર ક્રાઇમ હેલ્પલાઈન ૧૯૩૦ પર કોલ કરી ફરિયાદ કરેલ હતી. ત્યારબાદ સાયબર ક્રાઈમના કહેવાથી તે યુવતી દ્વારા ઝાલોદ પોલિસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. યુવતી દ્વારા ૩૦-૦૮-૨૦૨૩ ના રોજ વોટ્સઅપ જોતી હતી તે દરમિયાન યુવતિને તેના મોબાઈલમાં તેના નામથી એક ગ્રુપ બનાવેલ જોવા મળેલ હતું. આ ગ્રુપમાં યુવતીના ફેમિલિના મેમ્બરો પણ હતા. આ ગ્રુપની અંદર જ ઝાલોદ તાલુકાના યુવક દ્વારા યુવતીના ૧૭ જેટલા ન્યૂડ ફોટા મુકેલ હતા.

### ઓનલાઇન ટ્રેડિંગમાં રોકાણ કરાવવાની લાલચ અપાવી લીમડીના યુવકના ૧૨૦૦૦૦૦ રૂપિયા આરોપીઓ દ્વારા છેતરપિંડી કરાઈ

# લીમડી ખાતે પોલીસ દ્વારા ઓનલાઇન છેતરપિંડી કરનાર બે આરોપીઓને ઝડપી લેવાયા

। પંકજ પંડિત ઝાલોદ, તા.૯ ।

બદલાતા સમયમાં જેમ જેમ લોકો વધુ ને વધુ ઓનલાઈન કામકાજ તરફ વળેલ છે તેમ તેમ ગુનાહિત પ્રવૃત્તિ કરનારાઓ પણ ઓનલાઈન ફોડ કરવાં માટેની અવનવી તરકીબો અજમાવતા હોય છે. સતત સરકાર દ્વારા અને પોલિસ દ્વારા સાયબર ગુનાઓ થી બચવા લોકોને જાગૃત પણ કરવામાં આવે છે. સાયબર ફોડ જેવા ગુન્હા થી બચવા લોકોએ તકેદારી રૂપે સોશિયલ મીડિયામાં અજાણ્યા કોઈ પણ વ્યક્તિ પર વિશ્વાસ કરવો જોઈએ નહીં , કોઈ પણ અજાણ્યા લોકો સાથે કોઈ પણ જાતની નાણાંકીય વ્યવહાર કરવા જોઈએ નહીં , વધારે રુપિયા કમાવવાની લાલચ વાળી પોસ્ટ, વિડિયો કે મેસેજ પર વિશ્વાસ કરવો જોઈએ નહીં આવી તકેદારી જાગૃત નાગરિક તરીકે સહુ લોકોએ રાખવી જોઈએ. છતાય કોઈ વ્યક્તિ સાયબર ક્રાઈમનો ભોગ બને તો તે વ્યક્તિએ તાત્કાલિક ૧૯૩૦ પર સંપર્ક કરવો જોઈએ તેમજ આર.બી.આઇ દ્વારા જાહેર કરાયેલ નિર્દેશોનું જ પાલન કરવું જોઈએ. થોડા સમય અગાઉ લીમડી નગરના એક યુવાનને ઈન્સ્ટાગ્રામ મારફતે ઓનલાઈન ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરી ૧૨,૦૦,૦૦૦ જેટલી રકમની છેતરપિંડીની ઘટના બનવા પામેલ હતી. ભોગ બનનાર યુવક દ્વારા લીમડી પોલીસને આ અંગે ફરિયાદ નોંધાવેલ હતી. ઓનલાઇન ગુન્હાને અંકુશ રાખવા માટે સતત પ્રયત્નશીલ રહેતી લીમડી પોલીસના પી.એસ.આઇ એમ. એફ.ડામોર દ્વારા લીમડી ખાતે થયેલ ઓનલાઇન ફોડ કરનારા બે આરોપીઓને વાપી અને સુરત થી ઝડપી પાડવામાં સફળતા મેળવેલ હતી. આરોપીઓમાં તરુણ ચૌધરી તાપી જિલ્લામાં ડોલવણ તાલુકાનો છે જ્યારે બીજો આરોપી રાહુલ અખાડે સુરત જિલ્લાના બારડોલી તાલુકાનો વતની છે. આ બંને આરોપીઓને લીમડી પોલિસ દ્વારા ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આરોપીઓમાં તરુણ ચૌધરી તાપી જિલ્લામાં ડોલવણ તાલુકાનો છે જ્યારે બીજો આરોપી રાહુલ અખાડે સુરત જિલ્લાના બારડોલી તાલુકાનો વતની છે. આ બંને આરોપીઓને લીમડી પોલિસ દ્વારા ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

### લુધીયાણાથી નકલી નોટ લાવનાર ઝડપાયો

# સુરતમાં પાંડેસરામાં બનાવટી ભારતીય ચલણી નોટ સાથે એક ઈસમ ઝડપાયો



। સુરત,તા.૮ ।

સુરતમાં પાંડેસરા પોલીસે બનાવટી ભારતીય ચલણી નોટ સાથે એક ઈસમને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી ૫૦૦ના દરની ૭ બનાવટી ભારતીય ચલણી નોટ કબજે કરી હતી. પોલીસ તપાસમાં આરોપી યુ ટ્યુબ પરથી રીલ્સ જોઈને પંજાબના લુધિયાણા ખાતે રહેતા ઈસમ પાસેથી આ નોટ લાવ્યો હોવાનું બહાર આવ્યું હતું. જેથી સુરત પોલીસની એક ટીમ લુધિયાણા ખાતે ગયી હતી અને ત્યાંથી વધુ એક ઈસમને પણ ૫૦૦ ના દરની ૪૫ બનાવટી નોટ તેમજ નકલી નોટ છાપવા માટેના સાધનો સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુરતમાં પાંડેસરા પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન માહિતીના આધારે દુધની દુકાને ભારતીય બનાવટી ચલણી નોટ વટાવવા આવેલા પાંડેસરા પીયુષ પોઈન્ટ પાસે રહેતા ૨૧ વર્ષીય સુરેન્દ્ર દશરથ વિશ્વકર્માને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી ૫૦૦ના દરની ૭ બનાવટી નોટ કબજે કરી હતી. પોલીસે તેની કડક પૂછપરછ કરતા તે ફર્નીચરના વ્યવસાય સાથે સંકળાયેલો હોવાનું સામે આવ્યુ હતુ. આ બનાવટી ભારતીય ચલણી નોટ તે યુ ટ્યુબ પર રીલ્સ જોઈને પંજાબના લુધિયાણા ખાતે રહેતા ઈસમ પાસેથી લાવ્યો હોવાનું કબુલ્યું હતું.મામલો ગંભીર હોવાથી સુરત ક્રાઈમ બ્રાંચની ટીમ પણ આ તપાસમાં જોડાઈ હતી. પોલીસની એક ટીમ પંજાબના લુધિયાણા ખાતે ગઈ હતી અને ત્યાંથી રાહુલ મોહિન્દર મલિકને પણ ૫૦૦ રુપિયાના દરની ૪૫ બનાવટી ભારતીય ચલણી નોટ તેમજ નકલી નોટ છાપવા માટેના સાધનો સાથે પકડી પાડ્યો હતો. આ સમગ્ર મામલે સુરતથી ઝડપાયેલા સુરેન્દ્ર દશરથ વિશ્વકર્માની પાંડેસરા પોલીસે ધરપકડ કરી છે. જયારે લુધીયાણાથી ઝડપાયેલા આરોપીને પકડીને સુરત પોલીસ સુરત આવવા રવાના થઈ છે. **DCP** વિજયસિંહ ગુર્જરે જણાવ્યું હતું કે, પાંડેસરા પંચમુખી હનુમાન મંદિર પાસેથી આરોપી સુરેન્દ્ર દશરથ વિશ્વકર્માની ધરપકડ કરવામાં આવી છે. દૂધના વેપારી પાસે આરોપી ૫૦૦ ની ડુપ્લીકેટ નોટ વટાવવા આવ્યો હતો. આરોપી પાસેથી ૫૦૦ના દરની ૭ ભારતીય ચલણી બનાવટી નોટ કબજે કરવામાં આવી છે, તેની પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે તે યુ ટ્યુબ પર રીલ્સ જોઈ રહ્યો હતો. આ દરમ્યાન ડુપ્લીકેટ નોટ અંગે રીલ્સ જોવા મળી હતી અને તેમાં કોમેન્ટ કરીને સંપર્ક કર્યો હતો. બાદમાં ૧૫૦૦ રૂપિયામાં ૫૦૦ના દરની ૧૦ નોટ એટલે કે ૫ હજાર તે લુધીયાણા ખાતેથી લઈ આવ્યો હતો. આ મામલે વધુ તપાસ હાથ ધરીને લુધિયાણા ખાતેથી અન્ય એક આરોપી રાહુલ રાહુલ મોહિન્દર મલિક કે જે ઈસ્લામગંજનો રહેવાસી છે તેની પણ ધરપકડ કરી લેવામાં આવી છે. તેની પાસેથી પણ ૫૦૦ના દરની ૪૫ બનાવટી ભારતીય ચલણી નોટ કબજે કરવામાં આવી છે. આ મામલે ઊંડાણ પૂર્વક તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# પરણિતાએ ફિઝિયોથેરાપીસ્ટ તબીબ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી

। વડોદરા,તા.૮ ।

વડોદરાના ડભોઈ નજીકના એક ગામમાં રહેતી પરણિતાએ ફિઝિયો થેરાપીસ્ટ તબીબ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હોવાનું સામે આવ્યુ છે. બે સંતાનોની માતાની ફરિયાદના આધારે પોલીસે તબીબ શિવાંગ મોદીની ધરપકડ કરી છે. પીડિતાના પતિને લકવા બાદ ફિઝિયોથેરાપી સારવારની જરૂર હતી. જેથી તબીબ દોઢ વર્ષથી મહિલાના ઘરે જતો-આવતો હતો. વડોદરાના ડભોઈ નજીકના એક ગામમાં રહેતી પરણિતાએ ફિઝિયોથેરાપીસ્ટ તબીબ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હોવાનું સામે આવ્યુ છે. બે સંતાનોની માતાની ફરિયાદના આધારે પોલીસે તબીબ શિવાંગ મોદીની ધરપકડ કરી છે. પીડિતાના પતિને લકવા બાદ ફિઝિયોથેરાપી સારવારની જરૂર હતી. જેથી તબીબ દોઢ વર્ષથી મહિલાના ઘરે જતો-આવતો હતો.તબીબે મહિલાને વિશ્વાસમાં લઈ લગ્ન અને સંતાનોની દેખરેખનું વચન આપ્યું હતુ. અને દોઢ વર્ષમાં વારંવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. દુષ્કર્મના આરોપ સર પોલીસે તબીબ શિવાંગ મોદીને ઝડપીને આગળની તપાસ હાથ ધરી છે. જેથી તબીબ દોઢ વર્ષથી મહિલાના ઘરે જતો-આવતો હતો.તબીબે મહિલાને વિશ્વાસમાં લઈ લગ્ન અને સંતાનોની દેખરેખનું વચન આપ્યું હતુ. અને દોઢ વર્ષમાં વારંવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. દુષ્કર્મના આરોપ સર પોલીસે તબીબ શિવાંગ મોદીને ઝડપીને આગળની તપાસ હાથ ધરી છે.

# પાપા લુઇસ નામના પિઝા સેન્ટરમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં થતા હોવાનો આરોપ

। અમદાવાદ,તા.૯ ।

અમદાવાદ શહેરની વધુ એક રેસ્ટોરન્ટની વાનગીમાં જીવાત નીકળતા ખળભળાટ મચી જવા પામ્યો છે. અમદાવાદના જાણીતા ફૂડ આઉટલેટના પિઝામાંથી જીવાત નિકળી છે. આ સાથે જ બોપલના પાપા લુઈસ પિઝા સેન્ટરમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં થઈ રહ્યા હોવાનું સામે આવ્યું છે. એટલું જ નહીં, વાનગી બનાવવામાં સડેલાં બટાકાનો ઉપયોગ કરાયાની ફરિયાદ કરવામાં આવી છે. આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે, બોપલ નજીક પાપા લુઈસ નામના પિઝા સેન્ટરમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા થતા હોવાનો આરોપ લાગ્યો છે. અમદાવાદના પાપા લુઈસ પિત્ઝા સેન્ટરમાં જીવાત નિકળવાનો દાવો કરતા વીડિયો વાયરલ કર્યો છે.

### તહેવારોમાં રજા હોવા છતાં ગ્રાહકોને સરકારી વાજબી ભાવની દુકાન ચાલુ

# જિલ્લાના વિવિધ ગોડાઉનમાંથી અનાજ, ખાંડ સહિત તહેવાર નિમિત્તે તમામ જરુરી આવશ્યક જથ્થો વિતરણ વ્યવસ્થા સુચારુ રીતે કરાઈ



। દીપક જગતાપ રાજપીપળા, તા.૦૯ ।

ગુજરાત રાજ્યના અન્ન નાગરિક પુરવઠા વિભાગે આ મહિનાની શરૂઆતના દિવસોમાં જ સાતમ-આઠમના તહેવારોની જાહેર રજાઓના દિવસે પણ જાહેર વિતરણ વ્યવસ્થા સરકારી વાજબી ભાવની દુકાનો પરથી ચાલુ રાખી હતી. નર્મદા જિલ્લાના વિવિધ ગોડાઉનમાંથી અનાજ, ખાંડ, સીંગતેલ-મીઠું સહિત તહેવાર નિમિત્તે તમામ જરુરી આવશ્યક જથ્થો પણ સંચાલકોને મળી રહે તે માટે સતત મોડીરાત સુધી ગોડાઉન અને મામલતદાર કચેરીઓએ સાથે સંકલન કરીને રેશનનો જથ્થો પહોંચાડી વિતરણ વ્યવસ્થા સુચારુ રીતે કરવામાં આવી હતી,

નર્મદા જિલ્લાના કલેકટરના માર્ગદર્શન હેઠળ જિલ્લા પૂરવઠા અધિકારી, તમામ તાલુકા મામલતદારો સતત સંકલન કરી સરકારી વાજબી ભાવની દુકાને જરૂરી આવશ્યક જથ્થો પહોંચાડી વિતરણ વ્યવસ્થા કરવામાં આવી હતી. કોઈ પણ ગરીબ અંત્યોદય-બીપીએલ કે **NFSA** કાર્ડધારક સાતમ આઠમના તહેવારો સારી રીતે ઉજવી શકે અને જથ્થાથી વંચિત ન રહે તેની સતત દેખરેખ રાખવામાં આવી હતી. રાજ્ય સરકારના અન્ન, નાગરિક પૂરવઠા વિભાગ દ્વારા સતત સમીક્ષા હાથ ધરી આ બાબતે લોકો ઉત્સાહભેર તહેવારોની ઉજવણી કરી શકે તે માટે કાર્યવાહી કરેલ છે. છેલ્લા બે દિવસથી મહિનાના શરૂઆતના દિવસો હોવા છતાં પણ દુકાનોમાં વધુ ઝડપથી લોકોને અનાજનો જથ્થો મળી રહે તે માટે તંત્ર સતર્ક રહી વિતરણની વ્યવસ્થા કરવામાં આવી હતી. રાજ્ય સરકારના અન્ન, નાગરિક પૂરવઠા વિભાગ દ્વારા સતત સમીક્ષા હાથ ધરી આ બાબતે લોકો ઉત્સાહભેર તહેવારોની ઉજવણી કરી શકે તે માટે કાર્યવાહી કરેલ છે. છેલ્લા બે દિવસથી મહિનાના શરૂઆતના દિવસો હોવા છતાં પણ દુકાનોમાં વધુ ઝડપથી લોકોને અનાજનો જથ્થો મળી રહે તે માટે તંત્ર સતર્ક રહી વિતરણની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો? તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. તમારું મનપસંદ સંગીત સાંભળવું એ તમને ચાના કપ કરતા વધારે તાજું અનુભવી શકે છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂં મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે મોતિયાના દરદીઓએ પ્રદૂષિત વાતાવરણ હોય તેવા સ્થળની મુલાકાત લેવાનું ટાળવું જોઈએ, કેમ કે ધુમાડાને કારણે આંખોને વધુ નુકસાન થઈ શકે છે. શક્ય હોય તો સૂર્યપ્રકાશ સાથે સંપર્ક પણ ટાળવો. આજે નાણાં સંભાળવામાં તમને મુશ્કેલી પડશે- તમે વધુ પડતો ખર્ચ કરી બેસશો કાં તમારૂં વૉલેટ ખોવાઈ જશે- બેદરકારીને કારણે કેટલુંત નુકસાન ચોક્કસ છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. આજે તમે જે કાર્ય પૂર્ણ કરી શકશો તે ટાળો નહીં, તો તે તમારા માટે સારું રહેશે. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે જે તમારા તથા તમારા આખા પરિવાર માટે પ્રફૂલ્લતા લાવશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારા જીવનસાથી આજે અનાયાસે જ કશુંક અદભુત કરશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે? અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે નાની-નાની બાબતોને તમારા મગજ પર અસર કરવા ન દેતા. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ.

**મકર (ખ,જ) :**

આજના દિવસે જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડ્ન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. પ્રેમ જીવન આશા લાવશે. તમારી તરફ મદદ માટે મીટ માંડનારાઓને તમે વચન આપશો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. મિત્રો તથા જીવનસાથી આરામ તથા ખુશીઓ લાવશે, એ સિવાય નિસ્તેજ અને ધીમો દિવસ. તમે તમારા વ્યક્તિત્વ ને નિખારવા માટે થોડો સમય પસાર કરી શકો છો, કારણ કે સ્વ-નિર્માણ માં આકર્ષક વ્યક્તિત્વ નો મહત્વપૂર્ણ ફાળો છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે-કોઈ પણ નિર્ણય જાહેર કરતા પહેલા સંતુલિત મંતવ્ય મેળવો. કોઈ નજીકના મિત્રોથી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. તમારી હાજરી તમારા પ્રિયપાત્ર માટે આ વિશ્વ યોગ્ય સ્થળ બનાવશે.

**ન્યૂઝ બ્રિફ**

## ટોપલેસ પોઝ આપી ચૂક્યા છે ફિનલેન્ડના પૂર્વ પ્રધાનમંત્રી



। નવી દિલ્હી, તા.૯ ।

ફિનલેન્ડના પૂર્વ પ્રધાનમંત્રી સના મારિને રાજકારણ છોડવાની જાહેરાત કરીને સૌ કોઈને ચોંકાવી દીધા છે. ૩૭ વર્ષિય સના વિશ્વની સૌથી સુંદર નેતાઓમાં સામેલ છે. વર્ષ ૨૦૧૯માં તે ફિનલેન્ડની સૌથી યુવાન પ્રધાનમંત્રી બની હતી. આવો જાણીએ તેની સાથે કયા કયા વિવાદો જોડાયેલા છે. જેના કારણે હવે તે રાજકારણ છોડી રહી છે. ઓગસ્ટ ૨૦૨૨માં એક વાંધાજનક તસવીર વાયરલ થઈ હતી. જેમાં સના મારિન બે મહિલાઓ સાથે સત્તાવાર ગ્રીષ્મકાલીન આવાસ પર ચુંબન અને ટોપલેસ પોઝ આપતા દેખાઈ હતી. તેમની આ તસવીર વાયરલ થયા બાદ ભારે હોબાળો થયો હતો. વિપક્ષી ભારે વિરોધ કરતા સનાનું રાજીનામું માંગી લીધું હતું. આ અગાઉ એક વીડિયો પણ સામે આવ્યો હતો. જેમાં સના મારિન પોતાના દોસ્તો સાથે નાચતી જોવા મળી હતી. ત્યાર બાદ દેશભરમાં ચર્ચા છેડાઈ હતી કે, એક પીએમ સરકાર આવાસ પર કેવી રીતે ખાનગી પાર્ટી કરી શકે. શું તેમને આવું કરવાનો અધિકાર છે. આ અગાઉ પણ ફિનલેન્ડના તત્કાલિન પ્રધાનમત્રી સના મરીનનો એક વીડિયો સો. મીડિયા પર વાયરલ થયો હતો. તેમાં તે દારુના નશામાં દોસ્તો સાથે ડાંસ કરતી દેખાઈ હતી. તેના પર વિપક્ષે આરોપ લગાવ્યો હતો કે, સના મરીને દોસ્તો સાથે પાર્ટીમાં ડ્રગ્સ લીધું છે. ત્યાર બાદ તેમણે સ્પષ્ટતા કરી હતી કે, તેમણે ફક્ત દારુ પીધો છે, ડ્રગ્સ લીધું નથી. ફિનલેન્ડના તત્કાલિન પીએમે ૨૦૨૧માં પાર્ટી કરી હતી, જ્યારે કોરોનાના ડર વચ્ચે લોકો પોતાના ઘરમાં પુરાયેલા હતા. ત્યાર બાદ લોકોએ સના મારિને ખૂબ જ ખરીખોટી સંભળાવી દીધી હતી.


### નાયડૂની શનિવારે સવારે નંધ્યાલથી ધરપકડ

# આંધ્ર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ચંદ્રબાબૂ નાયડૂની ધરપકડ

## સીઆઈડીએ ચંદ્રબાબૂ નાયડૂની માટે ધરપકડ વોરન્ટ ઈશ્યૂ કર્યું હતું, મામલામાં એફઆઈઆર ૨૦૨૧માં નોંધવામાં આવી હતી

। નવી દિલ્હી, તા.૯ ।

તેલુગુ દેશમ પાર્ટીના અધ્યક્ષ અને આંધ્ર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી એન.ચંદ્રબાબૂ નાયડૂની ધરપકડ કરી છે. એન.ચંદ્રબાબૂ નાયડૂને શનિવારે સવારે નંધ્યાલથી ધરપકડ કરવામાં આવ્યા છે. ચંદ્રબાબૂ નાયડૂને ૩૫૦ કરોડ રૂપિયાના કૌશલ વિકાસ કૌભાંડમાં એપી સીઆઈડીએ ધરપકડ કરી છે. સીઆઈડીએ ચંદ્રબાબૂ નાયડૂની માટે ધરપકડ વોરન્ટ ઈશ્યૂ કર્યું હતું. મામલામાં એફઆઈઆર ૨૦૨૧માં નોંધવામાં આવી હતી. ચંદ્રબાબૂ નાયડૂનું ધરપકડ વોરન્ટ સીઆર પીસીની કલમ ૫૦(૧)(૨) અંતર્ગત જાહેર કરવામાં આવ્યું હતું. ઈડીની પૂછપરછમાં કૌભાંડ સાબિત થયું છે. ૨૪૧ કરોડનું ફંડ શેલ કંપનીઓને મોકલી દેવામાં આવ્યું હતું. આ મામલામાં પહેલા પણ ૮ લોકોની ધરપકડ થઈ ચુકી છે. કહેવાય છે કે, ચંદ્રબાબૂ નાયડૂને શનિવારે સવારે લગભગ ૩ વાગ્યે ધરપકડ કરવા માટે એક ટીમ પહોંચી હતી. પોલીસની ટીમ જ્યારે ધરપકડ કરવા પહોંચી તો, ત્યાં એકઠા થયેલી ટીડીપી કેડરોએ તેનો વિરોધ કર્યો હતો. ત્યાં સુધી કે એસપીજી ફોર્સે પણ પોલીસને એવું કહેતા પરવાનગી ન આપી કે તે નિયમ અનુસાર



સવારે ૫.૩૦ વાગ્યા સુધી કોઈને પણ ચંદ્રબાબૂ નાયડૂ સુધી પહોંચવાની પરવાનગી આપી શકે નહીં. આ મામલામાં પહેલા પણ ૮ લોકોની ધરપકડ થઈ ચુકી છે. કહેવાય છે કે, ચંદ્રબાબૂ નાયડૂને શનિવારે સવારે લગભગ ૩ વાગ્યે ધરપકડ કરવા માટે એક ટીમ પહોંચી હતી. પોલીસની ટીમ જ્યારે ધરપકડ કરવા પહોંચી તો, ત્યાં એકઠા થયેલી ટીડીપી કેડરોએ તેનો વિરોધ કર્યો હતો.

### ઓબામા સુરક્ષા સલાહકારો સાથે અઠવાડિયા સુધી કેમ

# અમેરિકન રાષ્ટ્રપતિ સ્માર્ટ ગેજેટ્સનો ઉપયોગ કરી શકતા નથી

## અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન એપલ વોચના શોખીન છે, પરંતુ તે તેના સહિત ઘણા ગેજેટ્સનો ઉપયોગ કરી શકતા નથી

। નવી દિલ્હી, તા.૯ ।

અમેરિકન રાષ્ટ્રપતિની ગણતરી વિશ્વના સૌથી શક્તિશાળી લોકોમાં થાય છે. આવી સ્થિતિમાં, તમને લાગશે કે, જો બિડેન કોઈપણ પસંદગીના ગેજેટનો ઉપયોગ કરી શકતો હશે, પરંતુ, વાસ્તવમાં તે સાચુ નથી. તે નિઃશંકાપણે વિશ્વના સૌથી શક્તિશાળી લોકોમાંના એક છે, પરંતુ જ્યારે કન્ઝ્યુમર ટેકનોલોજીની આવી ત્યારે તેમના હાથે નિરાશા લાગેલી છે. તે પોતાની પસંદગીના દરેક ગેજેટનો ઉપયોગ કરી શકતો નથી. વાસ્તવમાં, અમેરિકન સુરક્ષા એજન્સીઓનું માનવું છે કે, તેમના રાષ્ટ્રપતિની આસપાસના ઈલેક્ટ્રોનિક ઉપકરણો વિશ્વભરના હેકર્સનું સૌથી મોટું નિશાન છે. તેથી, તેમને ફક્ત ખૂબ મર્યાદિત ગેજેટ્સનો ઉપયોગ કરવાની મંજૂરી છે. હાર્વર્ડ કેનેડી સ્કૂલના લેક્ચરર બ્રુસ શ્રીર અનુસાર, એવું માની શકાય નહીં કે, રશિયા વિશ્વના નેતાઓના ગેજેટ્સને નિશાન બનાવી રહ્યું નથી. તેમના મતે ૨૦૦૦ના દાયકામાં આ એટલી મોટી સમસ્યા ન હતી.

### શ્વાર્ટ્ઝના મતે વ્હાઇટ હાઉસમાં કોઇ Wi-Fi નથી

**આ માટે એક શરત મૂકવામાં આવી હતી કે તે તેનો ઉપયોગ વરિષ્ઠ કર્મચારીઓ અને અંગત મિત્રોના નાના જૂથ સાથે સંપર્કમાં રહેવા માટે જ કરશે. ત્યારથી અમેરિકી રાષ્ટ્રપતિ દ્વારા ઉપયોગમાં લેવાતા ટેકનિકલ સાધનોમાં સતત વધારો થઈ રહ્યો છે. આનાથી અમેરિકી રાષ્ટ્રપતિના સુરક્ષા સલાહકારોની ઊંઘ હરામ થઈ ગઈ છે. ૨૦૧૦માં જ્યારે આઈપેડ માર્કેટમાં આવ્યું ત્યારે રાષ્ટ્રપતિ બરાક ઓબામા તેને પોતાની પાસે રાખવા માંગતા હતા. તેના પર અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોએ તેના માટે વધુ સુરક્ષિત આઈપેડ 'ઓબામાપેડ' બનાવ્યું. એક પૂર્વ સલાહકારે બીબીસીને જણાવ્યું કે, ઓબામાપેડ રાષ્ટ્રપતિના સ્ટાફને પણ આપવામાં આવ્યા હતા. એરી શ્વાર્ટ્ઝ, જેઓ ઓબામા વહીવટ દરમિયાન રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના સાયબર સુરક્ષા અધિકારી હતા, તેમણે જણાવ્યું કે, બરાક ઓબામાના પ્રમુખપદ દરમિયાન વરિષ્ઠ કર્મચારીઓ માટે આઈપેડમાં ફેરફાર કરવો સામાન્ય બાબત હતી. છતાં વ્હાઇટ હાઉસનું ટેકનિકલ સેટઅપ કંઈક અંશે જૂનું રહ્યું. શ્વાર્ટ્ઝના મતે વ્હાઇટ હાઉસમાં કોઇ Wi-Fi નથી. ત્યારબાદ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ વ્હાઇટ હાઉસમાં વાઇ-ફાઇ ઇન્સ્ટોલ કરવા અંગે ચર્ચા કરી હતી.**

### મોટાભાગના વડાઓ માત્ર કાળા વાહનોનો ઉપયોગ કરે છે

# મોટાભાગના વડાઓ કાળા વાહનોનો ઉપયોગ કરે છે

## નરેન્દ્ર મોદી અથવા રાષ્ટ્રપતિ દૌપદી મુર્મુ વિદેશ પ્રવાસ પર જાય છે, ત્યારે તેમના વાહનો હંમેશા કાળા હોય છે

। નવી દિલ્હી, તા.૯ ।

G-20 સમિટ માટે દેશની રાજધાની દિલ્હીમાં ઘણા દેશોના રાષ્ટ્રાધ્યક્ષો ભેગા થઈ રહ્યા છે. ૯ અને ૧૦ સપ્ટેમ્બરે યોજાનારી આ સમિટને સફળ બનાવવા માટે સરકારી અને ખાનગી એજન્સીઓ લાંબા સમયથી તૈયારીઓમાં વ્યસ્ત હતી. હવે આવાસથી લઈને ભોજન અને પરિવહનથી લઈને કડક સુરક્ષા સુધીની તમામ વ્યવસ્થાઓ પૂર્ણ થઈ ગઈ છે. આજે સાંજથી દિલ્હીના ઘણા વિસ્તારોમાં બેરિકેડિંગ શરૂ થઈ જશે. ઘણા આંતરરાષ્ટ્રીય મહેમાનો દિલ્હી પહોંચી ગયા છે. તે જ સમયે, અમેરિકન રાષ્ટ્રપતિ જો બિડેન આજે સાંજે વિશેષ વિમાન એરફોર્સ વન દ્વારા દિલ્હી ઉતરશે. તેના પહેલા તેની અત્યંત સુરક્ષિત બ્લેક કાર 'ધ બીસ્ટ' દિલ્હી પહોંચી ગઈ છે. જો તમે જોયુ હોય તો, જ્યારે કોઈપણ રાજ્યના વડા ભારત આવે છે અથવા દેશના નરેન્દ્ર મોદી અથવા રાષ્ટ્રપતિ દૌપદી મુર્મુ વિદેશ પ્રવાસ પર જાય છે, ત્યારે તેમના વાહનો હંમેશા કાળા હોય છે.

શું તમે ક્યારેય વિચાર્યું છે કે મોદી, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન, ફ્રાન્સના ઈમેન્યુઅલ મેક્રોન સહિતના દેશોના વડાઓના વાહનોનો રંગ કાળો કેમ છે? શા માટે તેઓ અન્ય કોઈ રંગના વાહનનો ઉપયોગ કરતા નથી? શું કોઈ દેશના વડાએ ક્યારેય કોઈ અન્ય રંગના વાહનનો ઉપયોગ કર્યો છે? તમારા મનમાં ઉદ્ભવતા આવા જ કેટલાક સવાલોના જવાબ અમે તમને આપવા જઈ રહ્યા છીએ. મોનોક્રોમ કાળો એ સદીઓથી પરંપરાગત રંગ હતો, જેનો ઉપયોગ ચિત્રલેખ, હસ્તપ્રતો લખવા અને વાહનો અને કોચની પેઈન્ટિંગ સહિતના ઘણા હેતુઓ માટે કરવામાં આવતો હતો. અગાઉ કાળો રંગ વ્યવહારિકતાના આધારે વપરાતો હતો. ભારતમાં સદીઓથી કાળી થીક શાહીનો ઉપયોગ કરવામાં આવે છે. ભારતીય કલાકારો અને સુલેખનકારોએ તેનો ઘણો ઉપયોગ કર્યો છે. આ થીક કાળી શાહીમાં ખાસ સુગંધ આવતી હતી. પછી, વધુ સારી સુગંધવાળી શાહી અને પેઈન્ટની રજૂઆત સાથે, જૂની થીક કાળી શાહીનો ઉપયોગ ધીમે ધીમે બંધ થયો. કાળો રંગ અને શાહી બનાવવી અને તેનો ઉપયોગ અન્ય રંગો કરતાં હજુ પણ સસ્તો છે. વાસ્તવમાં, વાદળી, લાલ, મરૂન અને જાંબલી રંગો બનાવવા ખર્ચાળ માનવામાં આવતા હતા. તેથી, આ બધા રંગો સામાન્ય રીતે રાજાઓ અને તેમના જેવા લોકો માટે આરક્ષિત હતા. ૧૮૮૬ થી ૧૯૨૦ ના દાયકા સુધી, ઓટોમોબાઈલ કંપનીઓ તેમના મોટાભાગના વાહનોને કાળો રંગ આપતી હતી. આ સમયગાળા દરમિયાન, કાળો દંતવલ્ક એ એકમાત્ર ઝડપી સૂકવણી પેઈન્ટ હતો. પ્રારંભિક પોલીક્રોમ લેકર પેઈન્ટ કાળા દંતવલ્ક જેટલા ટકાઉ ન હતા. તેઓ સૂર્યમાં વિલીન થવા લાગ્યા. જો કોઈ વ્યક્તિ તેના વાહન માટે અલગ રંગ પસંદ કરે છે, તો તેણે વધારાના પૈસા ચૂકવવા પડશે.

### ૧૮૮૬ થી ૧૯૨૦ના દાયકા સુધી, ઓટોમોબાઈલ કંપનીઓ તેમના મોટાભાગના વાહનોને કાળો રંગ આપતી હતી

**વર્ષ ૧૯૨૪ દરમિયાન પેઇન્ટ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં મોટી સફળતા હાંસલ કરવામાં આવી હતી. ડ્યુપોન્ટ કેમિકલ કંપનીએ તમામ ઓટોમોટિવ વાહનો માટે પેઇન્ટ રંગોની પ્રથમ શ્રેણી રજૂ કરી. કંપનીએ ઝડપી સૂકવવા માટેનું ડ્યુકો સાટીન ફિનિશ લેકર પેઇન્ટ રજૂ કર્યું. નાઇટ્રો-સેલ્યુલોઝ લેકર સોલ્યુશન્સ પર આધારિત સુધારેલા ફિનિશિંગ સાથે, કાર અને ટ્રકના શરીરને વાદળી, લીલો, લાલ, પીળો રંગ બનાવવો એ વાસ્તવિકતા બની ગઈ. આ નવા પેઇન્ટથી વાહનની બોડી પેઇન્ટિંગનો સમય ૩૦૦ કલાકથી ઘટાડીને ૧૪ કલાક થયો છે. નવા પેઇન્ટનો સૌપ્રથમ ઉપયોગ જનરલ મોટર્સના વિવિધ વિભાગો દ્વારા બનાવવામાં આવેલી ઓટોમોબાઇલ પર કરવામાં આવ્યો હતો. ૧૯૨૪ ઓકલેન્ડ સેડાન વાદળી રંગમાં રજૂ કરવામાં આવી હતી. ૧૯૨૬ થી, શેવરોલે, બ્યુઇક, ઓલ્ડ્સમોબાઇલ અને કેડિલેકે પણ તેમના વાહનોને વિવિધ રંગોમાં ઓફર કર્યા. ફોર્ડે ૧૯૦૮ અને ૧૯૨૬ વચ્ચે ૧૬ વર્ષ સુધી ઓટોમોબાઇલ ગ્રાહકોને કાળા વાહનો પૂરા પાડ્યા હતા. કંપનીએ ૧૯૨૬માં ગ્રાહકોને બે નવા રંગોમાં વાહનો ઉપલબ્ધ કરાવ્યા હતા. ફોર્ડે ૧૯૨૬ અને ૧૯૨૭માં મોડલ ટી કાર પર ઘેરા લીલા અને ઘેરા મરૂન રંગોની ઓફર કરી હતી. ૧૯૨૦ પછી, ઓટોમોટિવ ઉત્પાદકોએ મોટાભાગના લોકો કલ્પના કરી શકે તે કરતાં વધુ રંગ વિકલ્પો રજૂ કર્યા. હવે વાહનો માટે એવા વિકલ્પો છે કે, જ્યારે પ્રકાશ વિવિધ ખૂણાઓથી પડે ત્યારે વધુ કે ઓછા ઘાટા દેખાય. કસ્ટમાઇઝ્ડ પેઇન્ટની દુકાનો પણ ગ્રાહકોના હિસાબે રંગો પૂરા પાડે છે. જો કે અન્ય તમામ રંગો ગ્રાહકની માંગના આધારે આવે છે અને જાય છે, કાળો રંગ કાયમી માંગમાં રહે છે. ઓટોમોબાઇલ કંપનીઓના મતે બ્લેક કલર હંમેશા ગ્રાહકોની પસંદગી રહેશે.**

**વિશેષ**

### સંધિવા રોગમાં દર્દીને ફિઝીયોથેરાપી કરાવવા માટે તૈયાર કરવો ફિઝીયોથેરાપીસ માટે પડકાર સ્વરૂપ છેઃ ડો. સ્વીટી શાહ

# વિશ્વ ફિઝિયોથેરાપી દિવસ ૨૦૨૩

## A doctor may add years to your life but a physiotherapist may definitely add life to those years: એસ.એસ.બી ફિઝિયોથેરાપી કોલેજના લેક્ચરર ડો.સ્વીટી શાહ







દર વર્ષે આઠમી સપ્ટેમ્બરના રોજ વિશ્વ ફિઝિયોથેરાપી દિવસ તરીકે ઉજવવામાં આવે છે, જેનો મુખ્ય હેતુ લોકોને તેમના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવાનો તેમજ લોકોની જીવનની ગુણવત્તા સુધારવા સાથે ફિઝિયોથેરાપીના નિર્ણાયક ફાળાને બિરદાવવાનો છે. આ દિવસનું મહત્વ સમજાવતા એસ.એસ.બી. કોલેજના લેકચરર ડો. સ્વીટી શાહ જણાવે છે કે, સૌ પ્રથમ તમામ ફિઝિયોથેરાપિસ્ટને આ દિવસની ઉજવણીના પ્રસંગે શુભેચ્છા પઠવું છું. તેમણે વધુમાં કહ્યું કે, આ દિવસે દર વર્ષે કાઉન્સિલ ઓફ ફિઝિયોથેરાપી અલગ અલગ થીમ આપે છે. જેને અનુરૂપ વિવિધ ફિઝિયોથેરાપી સંસ્થાઓ લોક જાગૃતિના કાર્યક્રમો યોજે છે.

**આ વર્ષની થીમ "સંધિવા તેમજ સંધિવાના સ્વરૂપો" છે.**

સંધિવાની વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, સંધિવા એ એક પ્રકારનો વા છે. જે દર્દીની રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો થતો હોય અથવા રોગ રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય તેવા સંજોગોમાં સંધિવા નામનો રોગ થાય છે, એટલે કે તે એક પ્રકારનો ઓટો ઈમ્યુન ડિસઓર્ડર છે જેમાં દર્દીની રોગ પ્રતિકારક શક્તિ તેના કોષો તેના સાંધા પર હુમલો કરે છે અને તેને નષ્ટ કરે છે તેના લક્ષણોનીમાં સાંધામાં દુખાવો થવો, સાંધા જકડાઈ જવા, સોજો આવવો, ચામડી પર લાલ ચકાબા થવા, પેશાબમાં બળતરા થવી અને પેટમાં દુખાવો થવો. આ તમામ લક્ષણો સંધિવા રોગના છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, આ રોગ કોઈપણ ઉંમરમાં થતો રોગ છે સંધિવાના કારણે હૃદય રોગના હુમલા તેમજ સ્ટ્રોક થવાની શક્યતાઓ વધી જાય છે. લોહીનું પરિભ્રમણ અટકે છે. આ રોગના કારણે લોહીમાં ગાંઠો થઈ શકે છે અને જો હૃદયની ધમનીઓને બ્લોક કરે તો હાર્ટ અટેક થવો તેમજ મગજની ધમનીઓ બ્લોક કરે તો સ્ટ્રોક થવો એટલે કે લકવો પણ થઈ શકે છે તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સાંધાના દુખાવા અને જકડનને કારણે દર્દીમાં હલનચલન ઓછું થઈ જાય છે. જેના કારણે માનસિક સ્વાસ્થ્ય પર પણ અસર થાય છે. અને જીવનની ગુણવત્તા ઘટી જાય છે ફિઝિયોથેરાપી થકી આ રોગની વધતા અટકાવી શકાય છે એટલે કે ફિઝિયોથેરાપીસ્ટ આ રોગને વધતો અટકાવવામાં મહત્વનો ફાળો ભજવે છે. તેમ કહી શકાય. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, પરંતુ આ કેસમાં દર્દીને સોજો દુખાવો તથા જકડનના કારણે ફિઝિયોથેરાપી કરાવવા માટે તૈયાર કરવો એ ડોક્ટર્સ અને ફિઝિયોથેરાપીસ માટે પડકાર સ્વરૂપ છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, આ રોગ કોઈપણ ઉંમરમાં થતો રોગ છે સંધિવાના કારણે હૃદય રોગના હુમલા તેમજ સ્ટ્રોક થવાની શક્યતાઓ વધી જાય છે. લોહીનું પરિભ્રમણ અટકે છે. આ રોગના કારણે લોહીમાં ગાંઠો થઈ શકે છે અને જો હૃદયની ધમનીઓને બ્લોક કરે તો હાર્ટ અટેક થવો તેમજ મગજની ધમનીઓ બ્લોક કરે તો સ્ટ્રોક થવો એટલે કે લકવો પણ થઈ શકે છે તેમ તેમણે જણાવ્યું હતું. તેમ કહી શકાય. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, પરંતુ આ કેસમાં દર્દીને સોજો દુખાવો તથા જકડનના કારણે ફિઝિયોથેરાપી કરાવવા માટે તૈયાર કરવો એ ડોક્ટર્સ અને ફિઝિયોથેરાપીસ માટે પડકાર સ્વરૂપ છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, આ રોગ કોઈપણ ઉંમરમાં થતો રોગ છે સંધિવાના કારણે હૃદય રોગના હુમલા તેમજ સ્ટ્રોક થવાની શક્યતાઓ વધી જાય છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, પરંતુ આ કેસમાં દર્દીને સોજો દુખાવો તથા જકડનના કારણે ફિઝિયોથેરાપી કરાવવા માટે તૈયાર કરવો એ ડોક્ટર્સ અને ફિઝિયોથેરાપીસ માટે પડકાર સ્વરૂપ છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, આ રોગ કોઈપણ ઉંમરમાં થતો રોગ છે સંધિવાના કારણે હૃદય રોગના હુમલા તેમજ સ્ટ્રોક થવાની શક્યતાઓ વધી જાય છે. લોહીનું પરિભ્રમણ અટકે છે. આ રોગના કારણે લોહીમાં ગાંઠો થઈ શકે છે અને જો હૃદયની ધમનીઓને બ્લોક કરે તો હાર્ટ અટેક થવો તેમજ મગજની ધમનીઓ બ્લોક કરે તો સ્ટ્રોક થવો એટલે કે લકવો પણ થઈ શકે છે તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સાંધાના દુખાવા અને જકડનને કારણે દર્દીમાં હલનચલન ઓછું થઈ જાય છે. જેના કારણે માનસિક સ્વાસ્થ્ય પર પણ અસર થાય છે. અને જીવનની ગુણવત્તા ઘટી જાય છે ફિઝિયોથેરાપી થકી આ રોગની વધતા અટકાવી શકાય છે એટલે કે ફિઝિયોથેરાપીસ્ટ આ રોગને વધતો અટકાવવામાં મહત્વનો ફાળો ભજવે છે. તેમ કહી શકાય. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, પરંતુ આ કેસમાં દર્દીને સોજો દુખાવો તથા જકડનના કારણે ફિઝિયોથેરાપી કરાવવા માટે તૈયાર કરવો એ ડોક્ટર્સ અને ફિઝિયોથેરાપીસ માટે પડકાર સ્વરૂપ છે. જો યોગ્ય સમયે યોગ્ય નિદાન કરવામાં આવે અને નિષ્ણાત ફિઝીયોથેરાપિસ્ટ પાસે પદ્ધતિસરની નિયમિત કસરત કરાવવામાં આવે તો ચોક્કસ રોગમાંથી મુક્તિ મેળવી શકાય છે અને જીવનની ગુણવત્તા સુધારી શકાય છે. તેમ તેમણે જણાવ્યું હતું. સાચે જ કહેવાય છે ને કે, આપણે કેટલું જીવ્યા કરતા કેવું જીવ્યા એ વધારે અગત્યનું છે. **A doctor may add years to your life but a physiotherapist may definitely add life to those years** તેમ તેમણે ઉમેર્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### ટ્રેક્ટરનું ટાયર ફરી વળવા છતાં ચોર ટ્રેક્ટર ચોરી ફરાર

। મોડાસા, તા.૯ ।

ગુજરાતમાં ચોરીના કિસ્સાઓમાં વધારો થયો છે. લૂંટ અને ધાડની ઘટનાઓ બેફામ પણે વધી રહી છે. ત્યારે એક એવી ઘટના સામે આવી છે જેમાં ટ્રેક્ટરનું તોતિંગ ટાયર ચોર પર ફરી વળ્યું તે છતાંય તે ટ્રેક્ટરની ચોરી કરીને ભાગ્યો હતો. તહેવારોની રજાઓ હોવાથી તેનો લાભ લઈને ચોર શોરૂમમાં ચોરી કરવા પહોંચી ગયો હતો. આ આખી ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે મોડાસાના હજિરા વિસ્તારમાં એક ટ્રેક્ટરના શોરૂમમાં ચોર ચોરી કરવા માટે ઘૂસ્યો હતો. ચોર ટ્રેક્ટરની ચોરી કરવા માટે ટ્રેક્ટર ચાલુ કરવા ગયો અને અચાનક ટ્રેક્ટર ચાલુ થઈ જતાં ચોરનો પગ ટાયર નીચે આવી ગયો હતો. ત્યાર બાદ તેના શરીર પર ટ્રેક્ટરનું તોતિંગ ટાયર ફરી વળ્યું હતું. તે છતાંય આ ચોર ટ્રેક્ટર લઈને ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. ટ્રેક્ટરના શોરૂમના માલિક પ્રહલાદ પટેલે ચોરીની ફરિયાદ નોંધાવતા કહ્યું હતું કે, તેમના શોરૂમમાં પાર્ક કરેલું ટ્રેક્ટર ગુમ થયુ હતું. આ બાબતની જાણ તેમને પાંચ દિવસ બાદ થઈ હતી.

### ઉદયનીધિ સ્ટાલિન સામે કાર્યવાહીની અમદાવાદ પોલીસમાં અરજી

। અમદાવાદ, તા.૯ ।

શહેરમાં કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી, દિલ્હીના સીએમ કેજરીવાલ, આપના સાંસદ સંજય સિંહ, બિહારના ડે. સીએમ તેજસ્વી યાદવ સામે વિવિધ મુદ્દાઓ પર કેસ નોંધવામાં આવ્યાં છે. ત્યારે હવે તામિલનાડુ સરકારના મંત્રી ઉદયનિધી સ્ટાલિન સામે પણ અમદાવાદ પોલીસ કમિશ્નર કચેરીમાં અરજી કરવામાં આવી છે. શહેરના એક વકીલે અરજી કરીને ઉદયનિધી સામે એફઆઈઆર કરીને કાર્યવાહી કરવા માંગ કરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે તામિલનાડુના મુખ્યમંત્રી એમ કે સ્ટાલિનના પુત્ર ઉદયનીધિ સ્ટાલિનના સનાતન ધર્મને લઈને અપાયેલા કથિત વિવાદિત નિવેદન પર સતત વિવાદ વધી રહ્યો છે. ભાજપ નેતાઓ સહિત કેટલાક લોકો વિરોધ કરી રહ્યા છે. આ વચ્ચે, ઉદયનીધિએ સ્પષ્ટતા કરી હતી. તેમણે ગુરુવારે ભાજપના નેતાઓ પર તેમના નિવેદનને તોડી-મરોડીને રજૂ કરવાનો આરોપ લગાવ્યો અને આ સંબંધમાં તમામ મામલાઓની કાયદાકીય રીતે સામનો કરવાના સોગંદ ખાધા છે. તેમણે વડાપ્રધાન મોદી પર પ્રહાર કરતા કહ્યું હતું કે, 'તેઓ મણિપુર હિંસા પર સવાલોથી ડરીને દુનિયાભરમાં ફરી રહ્યા છે. છેલ્લા નવ વર્ષના તમારા તમામ વચનો ખોખલા છે. ભાજપ સરકાર સામે આખો દેશ એકજુટ થઈને સવાલ ઉઠાવી રહ્યો છે કે, તેમણે અમારા કલ્યાણ માટે શું કર્યું છે?

## ગુજરાત હાઈકોર્ટમાં રાષ્ટ્રીય લોક અદાલત યોજાઈ

# અકસ્માતે મોત કેસમાં ૫ કરોડ ૪૦ લાખનું વળતર ચુકવાશે

### અત્યાર સુધીની લોક અદાલતના ઈતિહાસનું સૌથી મોટું સમાધાનઃ મૃતકના પિરવારજનોને નવ વર્ષે ન્યાય મળ્યો



। અમદાવાદ, તા.૯ ।

આજે રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં વર્ષોથી પડતર કેસો સમાધાન માટે મુકવામાં આવ્યા હતા, જેમાં ૨૦૧૪ના અકસ્માતનો કેસ પણ સામેલ હતો. આ કેસમાં લોક અદાલતના ઈતિહાસમાં સૌથી મોટું વળતર ચૂકવવામાં આવ્યું હતું. ગુજરાત હાઈકોર્ટમાં આજે રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ અને ગુજરાત હાઈકોર્ટ લીગલ સર્વિસ ઓથોરિટી દ્વારા રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોક અદાલતમાં વર્ષોથી પડતર ૧૭૦ જેટલા કેસો નિકાલ કરવા સમાધાન માટે મુકવામાં આવ્યા હતા, જેમાં વાહન અકસ્માત, ચેક રિટર્ન, જમીન સંપાદનના વળતર સહિતના કેસો સામેલ હતા. આ રાષ્ટ્રીય લોક અદાલતમાં વર્ષ ૨૦૧૪નો વાહન અકસ્માતનો વળતરનો કેસ સમાધાન માટે મુકવામાં આવ્યો હતો. આ કેસમાં મૃત્યુ પામેલા વ્યક્તિના પરિવારજનોએ વીમા કંપની સામે દાવો દાખલ કર્યો હતો જેમાં અત્યાર સુધીના લોક અદાલતના ઈતિહાસની સૌથી મોટું સમાધાન થતા મૃતકના પરિવારજનને વીમા કંપનીએ ૫ કરોડ ૪૦ લાખ રુપિયાનું વળતર ચૂકવવા સંમત થયા હતા. ૯ વર્ષ પહેલા અમદાવાદ એરપોર્ટથી વડોદરા જતા હતા ત્યારે નારોલ ટોલ પ્લાઝા પાસે કાર અકસ્માતમાં ૪૦ વર્ષીય પ્રકાશભાઈનું નિધન થયું હતું. પ્રકાશભાઈ વાઘેલા ખાનગી કંપનીમાં જનરલ સેલ્સ મેનેજર તરીકે નોકરી કરતા હતા. મૃતક પ્રકાશભાઈ બી.ટેકની ડીગ્રી ધરાવતા હતા જેમનું વાર્ષિક પેકેજ ૩૧ લાખ રુપિયાનું હતું. તેમની ઉપર પત્ની અને બે સગીર પુત્રો અને માતા-પિતાની જવાબદારી હતી. તેમના પરિવારજનોએ અરજીની તારીખથી હુકમની તારીખ સુધી ૯ ટકાના વ્યાજ પર રૂ. ૬,૩૧,૩૫,૦૦૦ની દાવા અરજી દાખલ કરી હતી.

## ક્રાઇમ બ્રાન્ચની મોટી કાર્યવાહી

# ફિલ્મી વેબસીરીઝ જોઇને નકલી ચલણી નોટો છાપનારો ઝડપાયો

### અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ૯ હથિયાર સાથે ૨ શખ્સોની ધરપકડ કરી ગેરકાયદેસર હથિયારોની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે

। સુરત, તા.૯ ।

સુરત ક્રાઈમ બ્રાન્ચે મોટી સફળતા મેળવી છે, ફિલ્મી ઢબે નકલી ચલણી નોટો બનાવનાર એક શખ્સને ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી લીધી છે. મળતી માહિતી પ્રમાણે, સુરતમાંથી ક્રાઈમ બ્રાન્ચે વેબસીરીઝ જોઈને નકલી ચલણી- કરન્સી બનાવનાર આરોપીને ઝડપી પાડ્યો છે, આરોપીનું નામ રાહુલ મલિક છે, અને લુધિયાણાનો રહેવાસી છે. સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા બાતમીના આધારે કાર્યવાહી હાથ ધરાતા તેને ઝડપી પાડવામાં આવ્યો છે. માહિતી પ્રમાણે, આરોપી રાહુલે ૨૫ લાખની નકલી નોટો બજારમાં ફરતી કરી હોવાની આશંકા સેવાઈ રહી છે. પોલીસે દરોડા પાડીને આરોપી પાસેથી ૯૫ નકલી નોટો, ગાંધીજીના વૉટર માર્ક સહિતનો સામાન જપ્ત કર્યો છે, સાથે જ આરબીઆઈના થ્રેડ વિનાના બ્લૂ અને ગ્રીન શેડવાળી પટ્ટીવાળા કાગળો સહિતના સાધનો પણ મળી આવ્યા છે. હાલમાં પોલીસ વધુ તપાસ કરી રહી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ૯ હથિયાર સાથે ૨ શખ્સોની ધરપકડ કરી ગેરકાયદેસર હથિયારોની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. ફતેવાડી વિસ્તારમાંથી પકડાયેલા આરોપી રફીક અહેમદની પૂછપરછ દરમ્યાન



ખુલાસો થયો કે યુપીથી હથિયાર લાવતા હતા. હથિયારો અમદાવાદ સહિત અન્ય જિલ્લાઓમાં વેચવાના હતા પરંતુ તે પહેલા જ ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડ્યા. ધરપકડ કરાયેલ આરોપી અસલમખાન ઉર્ફે નવાબખાન પઠાણ અને રફીક અહેમદ ઉર્ફે તીલ્લી શેખ, જેઓ અમદાવાદમાં રહીને ગેરકાયદેસર રીતે હથિયારો હેરાફેરી કરવાના હતા. એક વર્ષથી આ જ ઉત્તર પ્રદેશથી હથિયારોને લાવી અમદાવાદમાં ઊંચા ભાવે વેચવાના ઈરાદાને પાર પાડવા જાય તે પહેલા જ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે બંને આરોપીઓને ઝડપી પાડ્યા છે. જેમની પાસેથી પાસેથી ૯ જેટલા હથિયારો અને ૧૯ કારતુસ અને ૨ મેગેઝીન કબ્જે કર્યા છે. પોલીસ પૂછપરછ દરમિયાન સામે આવ્યું કે ગત ૧૧ ઓગસ્ટના રોજ આરોપી આરીફ ખાન પઠાણની ધરપકડ કરતા સમગ્ર મામલો સામે આવ્યો અને પોલીસે ઊંડાણપૂર્વક તપાસ કરતા વધુ હથિયારો મળી આવ્યા હતા. પકડાયેલ આરોપી રફીક એમજ ઉર્ફે દિલ્હી અને અસલમખાન પઠાણ અગાઉ પણ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જે પૈકી રફીક એમ જ ૧૯૯૯ માં હત્યાના ગુનામાં પકડાયેલ જ્યારે વેજલપુર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં પણ લૂંટ અને ખૂનના ગુનામાં પણ અગાઉ પકડાઈ ચૂક્યો છે જ્યારે અસલમ ઉર્ફે નવા પઠાણ શાહપુર વિસ્તારમાં મારામારીના ગુનામાં પકડાયેલો આરોપી છે. જોકે હવે ક્રાઈમ બ્રાન્ચે ઉત્તર પ્રદેશથી આવતા આ અત્યારના જથ્થા કેટલા સમયથી મંગાવવામાં આવતા હતા અને અગાઉ કોને કોને હથિયાર વેચવામાં આવે છે તે અંગે તપાસ શરૂ કરી છે. અમદાવાદમાં કાશ્મીરથી હથિયાર લાવી વેચવાનું કૌભાંડ ઝડપાયું છે. બનાવટી લાઈસન્સના આધારે હથિયાર વેચાણનું રેકેટ ચાલતું હતું. આ કેસમાં સોલા પોલીસે ગાંધીનગરના પ્રતિક ચૌધરીની ધરપકડ કરી હતી. ઝડપાયેલ પ્રતિક પાસેથી ૩૨ બોરની રિવોલ્વર અને ૧૨ જીવતા કારતૂસ અને ૪ ફૂટેલા કારતુસ મળી આવ્યા હતા. કાશ્મીરના રસપાલ કુમાર ફૌજી પાસેથી હથિયાર ગુજરાત લાવી વેચાણ કરતા હતા. આ કેસમાં કોર્ટે ઓરાપીના ૯ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

## રાજ્માં વરસાદના વધુ એક રાઉન્ડનો પ્રારંભ

# ૨૪ કલાકમાં ગુજરાતના ૧૫૧ તાલુકામાં વરસાદ

### વલસાડના કપરાડામાં સૌથી વધુ વરસાદ, હવામાન વિભાગ દ્વારા આગામી ૪ દિવસ ભારે વરસાદની આગાહી

। અમદાવાદ, તા.૦૯ ।

રાજ્યમાં હવામાન વિભાગની આગાહી મુજબ ફરી એકવાર વરસાદનો વધુ એક રાઉન્ડ શરુ થયો છે. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત સહિત અનેક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી હતી જેના પગલે ગઈકાલ રાતથી જ આજે વહેલી સવાર સુધીમાં અનેક વિસ્તારોમાં ભારે વરસાદ વરસ્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતના ૧૫૧ તાલુકામાં વરસાદ નોંધાયો હતો જેમા વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં સૌથી વધુ નોંધાયો હતો.

રાજ્યમાં છેલ્લા ઘણા દિવસોથી તાપમાનમાં વધારો થયો હતો અને સતત બફારા અને ગરમીને કારણે લોકો ત્રાહીમામ પોકારી ગયા હતા ત્યારે રાજ્યમાં ગઈકાલે સાંજથી આજે વહેલી સવાર સુધીમાં અનેક જગ્યાએ વરસાદ વરસ્યો હતો. આ પહેલા હવામાન વિભાગે રાજ્યમાં ફરી એકવાર ભારે વરસાદની આગાહી કરી હતી. ગઈકાલે કાલે સાંજે અનેક તાલુકામાં ભારે ઉકળાટ બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ધોધમાર વરસાદ વરસ્યો હતો. રાજ્યમાં આવેલા વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૧ તાલુકમાં વરસાદ નોંધાયો હતો જેમાં વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં ૫ ઈંચ કરતા પણ વધુ વરસાદ નોંધાયો હતો. અમદાવાદમાં ગઈકાલે સાંજે વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો અને ધુળ ડમરી સાથે અનેક



વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો હતો. શહેરમાં લાંબા વિરામ બાદ વરસાદ વરસતા લોકોને ગરમીથી રાહત મળી હતી. અમદાવાદ શહેરમાં બાપુનગર, નિકોલ, નરોડા, અમરાઈવાડી, વેજલપુર, સરખેજ, બોપલ સહિતના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. આ સિવાય અમદાવાદ જિલ્લાના ધોળકામાં પણ ગઈકાલે સાંજથી વહેલી સવાર સુધી ધોધમાર વરસાદ વરસ્યો હતો. રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે જેમાં અરવલ્લી, દાહોદ, મહિસાગર અને વલસાડમાં અને ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, છોટાઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી સહિતના વિસ્તારોમાં મધ્યથી ભારે વરસાદની આગાહી કરી છે. આ સિવાય દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી પણ કરવામાં આવી છે. હવામાન ખાતાએ ઓરેન્જ એલર્ટ આપ્યું છે. અમદાવાદમાં ગઈકાલે સાંજે વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો અને ધુળ ડમરી સાથે અનેક વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો હતો. શહેરમાં લાંબા વિરામ બાદ વરસાદ વરસતા લોકોને ગરમીથી રાહત મળી હતી. અમદાવાદ શહેરમાં બાપુનગર, નિકોલ, નરોડા, અમરાઈવાડી, વેજલપુર, સરખેજ, બોપલ સહિતના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. આ સિવાય અમદાવાદ જિલ્લાના ધોળકામાં પણ ગઈકાલે સાંજથી વહેલી સવાર સુધી ધોધમાર વરસાદ વરસ્યો હતો. રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે જેમાં અરવલ્લી, દાહોદ, મહિસાગર અને વલસાડમાં અને ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, છોટાઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી સહિતના વિસ્તારોમાં મધ્યથી ભારે વરસાદની આગાહી કરી છે. આ સિવાય દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી પણ કરવામાં આવી છે. હવામાન ખાતાએ ઓરેન્જ એલર્ટ આપ્યું છે.

## જેતપુર ગુંદાળા પાસે અકસ્માત

# ઓવર સ્પીડમાં આવતી કારે બાઇકને અડફેટે લેતા યુવકનું મોત

। રાજકોટ, તા.૯ ।

જેતપુર ગુંદાળા ગામ પાસે સ્વીફ્ટ કારે બે બાઈકને અડફેટે લેતા બે બાઈક ચાલકો ઈજાગ્રસ્ત થયા હતા. જેમાંથી એક યુવકનું સારવાર દરમિયાન મોત થયુ છે. ઘટના બાદ ઈજાગ્રસ્ત બાઈક ચાલકો ને સરકારી હોસ્પિટલ બાદ જૂનાગઢ હોસ્પિટલ માં સારવાર માટે ખસેડાયેલ હતા. જો કે સારવાર દરમિયાન હર્ષ પ્રવીણ ભાઈ વઘાસીયા નામના યુવક મોત થયું છે. મૃતક યુવક ફરેણી ગામનો હોવાનું સામે આવ્યું છે. કાર ચાલકનું નામ પ્રતીક ગજેરા હોવાનું સામે આવ્યું છે. મોતની ઘટનાથી ફરેણી ગામમાં લોકોમાં રોષ છે, અને કાર ચાલકને સજા મળે તેમજ પરિવારને ન્યાય મળે તેવી માંગણી લોકો કરી રહ્યાં છે. મૃતક ખેડૂત દંપતીનો એક જ દિકરો હોવાથી માતા-પિતા પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. મૃતકની અંતિમ યાત્રામાં આખું ગામ હિબકે ચઢ્યું હતું. પોલીસ સમગ્ર મામલે ફરિયાદ નોંધીને તપાસ હાથ ધરી છે. તો બીજી તરફ જન્માષ્ટમીના પવિત્ર દિવસે એક ગોજારી ઘટના જેતપુર પંથકમાંથી સામે આવી છે. અહીં મેળામાં યુવતીને હાર્ટ એટેક આવતા મોતને ભેટી છે. જેતપુરમાં ચકડોળમાં બેઠેલ યુવતીને હાર્ટ એટેક આવ્યો હતો. આ અંગે સામે આવેલી વિગતો અનુસાર જુનાગઢ જિલ્લાનાં ભેસાણ તાલુકાના ગળથ બરવાળા ગામની યુવતીને હાર્ટ એટેક આવતા મોતને ભેટી હતી. અંજનાબેન ભુપતભાઈ ગોંડલીયા નામની ૨૦ વર્ષીય યુવતીનું મોત થતા પરિવારમાં માતમ છવાયો છે. યુવતીની થોડા સમય પહેલા જ સગાઈ થઈ હતી. યુવતી સસરા પક્ષ સાથે જન્માષ્ટમીનો મેળો માણવા જેતપુર આવી હતી. આ દરમિયાન ચગડોળમાં હાર્ટ એટેક આવતા પ્રથમ ખાનગી હોસ્પિટલ બાદ સરકારી હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડવામાં આવી હતી.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

દરેક બનતી ઘટનાઓ ઉપર નજર
રોજ સમાચાર પત્રની પિડીએફ ફાઈલ
દેશ અને દુનિયાના દરેક સમાચારો
રાજ્યના દરેક ખુણામાં પત્રકારો
વેબસાઈટ, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ,
ટેલીગ્રામ દરેક ડિજીટલ પ્લેટફોર્મ ઉપર
www.cnngujarat.com
દેશ અને દુનિયાના સમાચાર
હવે તમારી એક આંગળીના
ઈશારા ઉપર...

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨